પત્થરનો પાદશાહ



ખુબસુરત મહારાણી રત્નસુંદરી.

પત્થરનો પાદશાહ

યાને

ભોંયરાનો ભેદ



કિંમત આઠ આના.

પ્રયોજક—સાહિત્યવીલાસી

પ્રકાશક—જદુલાલ નારણદાસ બુકસેલર મુ. નડીઆદ.

પ્રત ૨૦૦૦

સંવત્ ૧૯૮૨.

આ પુસ્તક ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા " સરસ્વતી
પ્રિન્ટીંગ પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ પ્રકાશકને માટે છાપ્યું.

પત્થરનો પાદશાહ

યાને

ભોંયરાનો ભેદ

પ્રકરણ ૧.

આ તો અજબ.

"આ ભેદ જાણી લીધા વિના હવે મને જરાય ચેન પડવાનું નથી. આ માછલીઓ સાધારણ માછલીઓ તો નથીજ. તેમા કાંઈ રહસ્ય છે."

"હા! બાપુ! આપનું કહેવું સાવ સાચું લાગે છે પ્હેલા બે દિવસ રૂપસુન્દરી આવી અને આજ બાવો આવ્યો તેનું શું કારણ હશે?"

"કાંઇ ખબર પડતી નથી, અને આ બાવો આવ્યો કયે રસ્તે અને ગયો કયે રસ્તે? બ્હાર ચોકી કરતા ચોકીદારોએ તો રૂપસુન્દરી કે હબસી કોઇને આવતાં જતા જોયાં નથી. આ બધો ભેદ જાણવોજ જોઇએ પણ ભેદ જાણવો કઇ રીતે?"

"હું ધારૂં છું કે આપણે આ માછલીઓના તળાવ પર જઇએ તો કદાચ ભેદનો ઉકેલ મળી આવે ખરો."

"ત્યારે જેસંગ આ માછલીઓ સમુદ્રમાંથી નથી લાવતો ?"

"ના ! ના ! એ તો આ માછલીઓ અહિંથી ત્રણ ચાર ગાઉ દુર આવેલા તળાવમાંથી લાવે છે."

"તળાવ ? ત્રણ ચાર ગાઉ દુર ? હું તો આ પ્રદેશમાં ખૂબ ભટકું છું. મેં તો આટલામાં ક્યાં ય તળાવ નથી જોયું."

"આપણે પેલા જેસંગને બોલાવીએ. તે આપણને બધી હકીકત પૂરી પાડશે."

"હા ભલે. ત્યારે તેને બોલાવો."

જેસંગને બોલાવવા એક માણસ મોકલ્યું. માણસ જેસંગને લઇને થોડીવારમાં પાછો આવ્યો.

"જેસંગ ! તું આ માછલીઓ ક્યાંથી લાવે છે ?"

"બાપુ ! અહિંથી પેલો લંબડીઓ ડુંગર દેખાય છેને ? તેની પાછળ એક મોટું જંગલ છે. તે જંગલમાં ચાર ટેકરીઓની વચમાં આ તળાવ છે."

"આ તો અજબ ! ડુંગર પાછળ ટેકરીઓ ક્યાં હતી ? તળાવ હોય એમ તો કોઇને ખબર નથી. હું તો ઘણી ય વાર તે તરફ શિકારે જાઉં છું. મેં તો તે તરફ તળાવ નથી જોયું."

"ત્યારે બાપુ ! આપ ફરમાવો ત્યારે આપની સાથે આવીને આપને તે તળાવ બતાવવા તૈયાર છું."

"ચાલો ! ત્યારે આપણે અત્યારેજ જઇએ. કારભારી ત્રણ ઘોડા લાવો. પ્રધાનજીને પણ બોલાવો ! અને મારા દસ અંગરક્ષકોને પણ તૈયાર થવા ફરમાવો. ખૂબ ભાતું લઇ લેજો. ત્યાં એકાદ દિવસ રોકાવાનું કદાચ થાય."

પ્રકરણ ૨.

અજય, પ્રધાન, કારભારી, જેસંગ અને દસ અંગરક્ષકો તળાવ તરફ ઉપડયા એક કલાકમાં તેઓ લંબડીઆ ડુંગર ઉપર પહોંચ્યા. ડુંગરની ટોચ ઉપર ચડીને જોતાં ડુંગર પાછળ ભવ્ય રમણિય મેદાન નજરે પડયું. આ જોતાં જેસંગ સિવાય બધા ય ને નવાઇ લાગી. આજ સુધીમાં કોઇએ આ ભવ્ય મેદાન ન્હોતું જોયું

પછી તેઓ ઝડપથી તળાવ પાસે આવી પહોંચ્યા જેસંગના કહેવા મુજબ તળાવની ચાર બાજુએ ચાર ટેકરીઓ હતી. તળાવ અજબ સુન્દર હતું. અંદર ચાર રંગની મછલીઓ ગેલ કરતી રમતી હતી.

“પ્રધાનજી! તમે આ બાજુ શિકાર કરવા તો ઘણી ય વાર આવ્યા હશો. તમે આ તળાવ જોયેલું ખરૂં?”

"શિકાર કરવા તો ઘણી ય વાર આવેલો પણ આવું કાંઇ જોયેલું નહિં. ખરેખર ! આ તો ચમત્કારીક છે. આ તળાવ સંબંધે મેં કોઇ પાસેથી વાતે ય સાંભળી નથી. આ તળાવ અહિં અચાનક રીતે કેમ આવી ગયું, તેની સુઝ પડતી નથી.

રાજાએ અંગરક્ષકોને પુછ્યું. તેમણે પણ જવાબ આપ્યો કે અમે આ તળાવ સંબંધે કાંઇ સાંભળ્યું નથી.

"ત્યારે જેસંગ! તને આ તળાવ કોણે બતાવ્યું ?"

"મહારાજ ! એ જરા ખાનગી વાત છે."

અજયે બધા તરફ સ્હેજ ઇશારો કરતાં, બધા જરા દૂર થઇ ગયા. જેસંગે સમુદ્રમાંથી મળેલ પેટી, તેમાંથી નિકળેલ રાક્ષસ, તેણે કહેલી આત્મકથા, પછી પોતાનું કરેલ ખૂન, રૂપાળી પર અત્યાચાર, રૂપાળીના શાપથી તેનો થયેલ નાશ, તેનું દેવના સ્વરૂપમાં પાછું આવવું, પોતાને (જેસંગને) આપેલ જીવીતદાન, તેણે આપેલ આશિર્વાદ, અને આ તળાવનો બતાવેલ માર્ગ એ બધી હકીકત તેણે અજયને ટુંકમાં કહી બતાવી.

"આ તો અદ્દભુતાની પરાકાષ્ટા. હવે તો મારે આ ભેદ શોધ્યા સિવાય છૂટકોજ નથી."

અજય અને જેસંગ પોતાના માણસો પાસે ગયા.

"હવે ત્યારે શહેરમાં પાછા જશું ને ?" પ્રધાનજીએ અજયને પૂછ્યું.

"ના. ના. આ ભેદ શોધવા મારી ઇચ્છા છે."

" બાપુ ! એમ આરો ક્યાંથી આવવાનો ? જે થયું તેને ભૂલી જવામાં જ સાર છે. આ ભેદ શોધવા જતાં ક્યાંક હેરાન થઇ જશું. "

" ક્ષત્રિય બચ્ચાને હેરાન થવાનો ભય નથી હોતો. હું પ્રતિજ્ઞા લઉં છું કે આ ભેદ શોધ્યા પ્હેલાં હું શહેરમાં પગ નહિ મેલું. "

" અરર ! બાપુ ! એ કાંઇ ઠીક કહેવાય ? પ્રજાને કેટલું દુઃખ થશે તેનો કાંઇ વિચાર કર્યો ? " પ્રધાને રાજાને સમજાવવા પ્રયાસ કર્યો.

" મારી પ્રતિજ્ઞા હું મરણાંતે પણ નહિ છોડું. તમે શહેરમાં જાઓ અને રાજકાજ સંભાળો કોઇને આ વાત ન કહેતા. પ્રજાને જાહેર કરજો, મહારાજ હમણા માંદા હોવાથી રાજકાજમાં ભાગ નહિ લઈ શકે. "

" ત્યારે મ્હારી વિનંતિ નહિ સ્વિકારો ? "

" ના ! તમે હવે એકદમ શહેરમાં જાઓ. "

પ્રધાન રાજાના હુકમને માન આપીને ઘોડે બેસીને શહેર તરફ ચાલ્યો.



પ્રકરણ ૩.

અજબ પ્રકાશ.

રાત પડવા આવી આસપાસ બધું જંગલ. જંગલી પશુઓ ચીચીયારીઓ પાડવા મંડયા. બધે કાળું અંધારૂં ફેલાઇ ગયું. રાજા સિવાય બધા ગભરાવા મંડયા.

“ બાપુ ! મારૂં કહેવું માનોને ? આ અજાણ્યા જંગલમાં આપને જીવનું જોખમ છે. માટે હજુ પણ શહેર તરફ ઉપડી જઇએ તો સારૂં.” કારભારીએ વિનંતિ કરી.

“ તમને બ્હીક લાગતી હોય તો જઇ શકો છો. જેને જવું હોય તે ખૂશીથી જઈ શકે છે. હું મારી પ્રતિજ્ઞા ગમે તે જોખમે નહિ તોડું.”

કારભારીને લાગ્યું કે આ સમજે તેમ નથી. રાત વધવા મંડી. બધા ઉંઘી ગયા. જેસંગ પણ ભેદ જાણવાની કુતુહલતાથી રાજાની સાથે રહ્યો હતો.

રાતે બે વાગ્યે રાજા ઉઠયો. કમરે તલવાર લટકાવી. હાથમાં પીસ્તોલ લીધી, અને કોઇને ખબર ના પડે તેમ જંગલમાં ચાલતો થઇ ગયો.

અકસ્માત તે વખતે જ જેસંગની આંખો ઉઘડી ગઇ. રાજાને અત્યારે બ્હાર જતો જોઇ આશ્ચર્ય થયું. તે અજયની પાછળ ધીમે ધીમે ચાલવા લાગ્યો. અજયને તેની ખબર ન પડી.

તેઓ એક કલાક ચાલ્યા હશે, તેવામાં જબરદસ્ત ફુંફવાટો સંભળાયો. રાજા ચમકયો. પાસેના ઝાડ પર ચઢી ગયો. જેસંગ બીજા ઝાડ પર ચઢી ગયો.

એ મીનીટમાં એક જબરદસ્ત મણીધર નાગ ત્યાં આવ્યો. તેના મણિને લીધે ચારે બાજુ બાર ગાઉમાં પ્રકાશ ફેલાઇ રહ્યો. રાજા ચઢયો હતો, તેજ ઝાડ નીચે નાગે મણી મુકયો, અને પોતે ચારો કરવા ચાલ્યો ગયો.

રાજા અને જેસંગ ઝાડ ઉપર બેસી જ રહ્યા.

પાંચ વાગે નાગ પાછો આવ્યો. મણી ઉપાડી લીધો. રાજાએ તે કયાં જાય છે, એ બરાબર જોયું. સ્હવારનો થોડો પ્રકાશ અને મણીના અજબ પ્રકાશથી બધું સાફ દેખાતું હતું. નાગ અર્ધો ગાઉ દુર આવેલી એક વાવમાં ઉતરી ગયો.

થોડી વાર પછી અજય નીચે ઉતર્યો. અને વાવ તરફ ચાલવા મંડયો. જેસંગ પણ પોતાના ઝાડ પરથી નીચે ઉતર્યો અને અજયની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

થોડી વારમાં તેઓ વાવ પાસે આવી પહોંચ્યા.

રાજા વાવમાં ઉતરવા લાગ્યો. જેસંગે તરતજ તેનો હાથ ઝાલ્યો. રાજા ચમકયો. પાછળ જોયું. જેસંગને જોતાં તેને ખૂબ આશ્ચર્ય થયું.

"કોણ? જેસંગ? તું? તું અહિં ક્યાંથી?"

"બાપુ! માફ કરો. મેં તમને એકલા જતા જોયા. તમને આફતને પ્રસંગે કાંઇક મદદ કરી શકું. એવી ઇચ્છાથી તમારી પાછળ પાછળ આવ્યો."

"ત્યારે તેં પેલા મણિધર નાગને જોયો?"

"હા! બાપુ!"

"ચાલ! ત્યારે આપણે આ વાવમાં ઉતરીને જોઇએ. ત્યાં કાંઇક ભેદ હોવો જોઇએ."

"બાપુ! પ્હેલાં મને જવા દો ને? હું જોઇ આવું."

"ના આપણે બે ય સાથે જઇએ."

"પણ જોખમનું કામ છે."

"હું કાંઇ બાયલો નથી."

બન્ને વાવમાં ઉતર્યા. પાણી સુધી પહોંચ્યા. ક્યાં ય બખોલ કે રાફડા જેવું દેખાયું નહિં. ત્યારે નાગ ગયો ક્યાં? રાજા મુંઝવણમાં પડ્યો.

તેવામાં જેસંગની નજર ભીત ઉપર ગઇ. ત્યાં મોટા અક્ષરે લખ્યું હતું. "આ વાવ પાસે કોઇએ રાત રહેવું નહિ. રહેશે તેનું મોત થશે."

જેસંગે રાજાનું તે તરફ ધ્યાન ખેંચ્યું.

"ચાલો! આ નવી અજાયબી. નવી નવી અજાયબીઓ જોઇને હું કદાચ ગાંડો બની જઇશ. પણ આ નાગ ગયો ક્યાં?"

"હું તો એમ ધારૂં છું કે નાગ પાસે મણી હોવાથી પાણીએ તેને માર્ગ કરી આપ્યો હશે અને તે આ વાવ નીચે પોતાના રહેઠાણમા ગયેલ હશે."

"ત્યારે આપણે ગમે તે ઉપાયે, તે મણી મેળવવો જોઇએ. પણ મેળવવો કેવી રીતે? તને કાંઇ ઉપાય સુઝે છે?"

"હા. પ્હેલાં તો આપણે તળાવ ઉપર આપણા માણસો પાસે જઇએ. તેને આ વાત નહિ કરીએ. હું ત્યાંથી ઘોડે બેસીને શહેરમાં જઇશ, અને—" બાકીની વાત જેસંગે રાજાના કાનમાં કહી. રાજા તે સાંભળી ખૂશ ખૂશ થઇ ગયો.

"વાહ! બહુ સરસ યુક્તિ. આવો સરસ વિચાર મને સ્વપ્ને ય ન સુઝત."

થોડી વારમા તેઓ તળાવ પાસે પહોંચ્યા. કારભારી અને અંગરક્ષકો અજય અને જેસંગને ગુમ થયેલા જોઇ ચિંતામાં પડયા હતા. તેમણે અજય અને જેસંગને આવતા જોયા. તેથી તેઓ ખૂશ થયા.

રાજાએ એટલુંજ કહ્યું કે સ્હવારે ઉંઘ જરા વ્હેલી ઉડી જવાથી આટલામાં ફરવા ગયા હતા.

જેસંગ ઘોડે બેસી પૂર ઝડપથી શહેરમાં પહોંચ્યો.

પ્રકરણ ૪.

વિરહિણી રૂપાળી.

જેસંગ શહેરમાં પહોંચ્યો. શહેરના લુહારોને ભેગા કર્યા. અજયનો હુકમ બતાવ્યો અને તે હુકમ અનુસાર એક ન્હાનકડી લોઢાની પેટી તૈયાર કરવા, અને તેની ચારે બાજુએ ઉભા અણીદાર ખીલા ઉભા જડવા કહ્યું. લુહારોએ આ કામ એક કલાકમાં કરી આપવાનું વચન આપ્યું.

જેસંગ ત્યાંથી તરત ઘેર પહોંચ્યો. રૂપાળી તેની રાહ જોઇને બેઠી હતી. તેની આંખો આખી રાતની ચિંતાથી લાલઘુમ થઇ ગઇ હતી. મોઢું સાવ ફિક્કું પડી ગયું હતું. જેસંગે તેને બાહુપાશમાં જકડી લીધી અને અસંખ્ય ચુમ્બનોથી મોઢા ઉપરની ફિકાશ અને ચિંતા ધોઇ નાખી. રૂપાળીનું વદન હવે આનંદથી લાલચોળ બની ગયું.

અત્યારે આ આનંદથી રૂપાળીનું સૌન્દર્ય અજબ ઝળકી ઉઠ્યું. જેસંગ તો કવિ બની ગયો અને રૂપાળીના સૌન્દર્યનું વર્ણન કવિતામાં ગાવા લાગ્યો.

મનહર છંદ.

સુરજ ને ચાંદે આજ આભમાંથી ઉતરીને,
યૌવનવાળીની આંખ ખાસ અજવાળી છે;

ભાલ[1]ની વિશાળતાએ વ્યોમ[2]ને વટાવી દઇ,
ચાંદલાએ ચાંદનીને ફુલાવી ફેલાવી છે.

કેશના કલાપે[3] સાપ શેષને સ્મરાવીને,
અંબરે સાગર શરમાવવાની તૈયારી છે.

હાસને વિલાસ તે શું ધ્વંશ[4] કર ધીરતાની,
કર હળવે દઇને હુલાવી કટારી છે.

મુખમાં મધુર અમી[5] ભરપુર ભર્યું તેની,
શાખ[6] પુરવાને ગાલે લાલી[7] પથરાઈ છે.

નાક તણા વાંકે કાંક પોપટ લજાવ્યા તેથી,
બિંબને બતાવીને મનાવવા સજાઇ છે.

કુચની[8] કઠોરતાને કાઢવાને ક્રોધ કરી,
કુમળી છતાં ય આજ છાતી ઉભરાઇ છે.

કટી તણી કૃષતાની[9] દયા ખાઇ—,
જાંઘની જાડાઇ જગદીશથી દેવાઇ છે.

હંસ તણો વંશ બધો ચાલ શીખી ચતુરાની,
ફોકટ બડાઇ કરી માન ખાટી જાય છે."

---

૧ કપાળ. ૨ આકાશ. ૩ અંબોડો. ૪ ભંગ. ૫ અમૃત. ૬ સાક્ષિ. ૭ રતાશ.
૮ સ્તન. ૯ પાતળી.

રૂપાળી આલિંગનમાંથી છૂટી થઇ ગઇ. જરા ક્રોધ બતાવ્યો, અને જેસંગને કવિતા આગળ ગાતાં અટકાવ્યો.

"તમે મારા ગુન્હેગાર છો. કાલ આખી રાત ગયા'તા ક્યાં ? અમે તમારી ચિંતા કરી કરીને મરીએ અને તમે ફાવે ત્યાં રખડો. અને અત્યારે આવતા વેંત કવિતાઓ ગાઇને ફોસલાવવા મંડયા છો. શરમ નથી આવતી ?"

જેસંગ જરા લ્હેરમાં હતો. તે હસતાં હસતાં બોલ્યો, "આટલો બધો ક્રોધ ? ગુન્હેગારની જે કાંઇ સજા કરવી હોય તે કરી લે. તારી ઇચ્છા હોય તો—

એડી જડી ચરણની,[1] ભુજ[2] બંધ[3] બીડી,
દંતે[3] વીંધી વીંધી, કુચાગ્રથી[4] પીડી પીડી;
દંડી[5]ય ચંડી[6] ! સુખી થા; નથી આ ખમાતાં,
કંદર્પ[7] પારધી તણાં અતિ તીર તાતાં.[8]

"ખરેખર પુરૂષ આટલા બધા નિર્દય હોતા હશે ? આવી વાતમાં ય તમને મશ્કરી સુઝે છે." રૂપાળી રડી પડી.

"ગાંડી રે ! ગાંડી ! એ તો રાજાનું કામ હોય ત્યાં મોડું ય થાય. તેમાં આટલી ચિંતા શા માટે કરીએ ? કાલ આખી રાત રાજા સાથે પેલા તળાવ ઉપર કાઢી. પેલી જાદુઇ માછલીનો ભેદ શોધી કાઢવાની તેમણે પ્રતિજ્ઞા લીધી છે." આમ કહીને તેણે બધી વાત સવિસ્તાર કહી સમજાવી.

"ત્યારે તમે પાછા જાવ છો ?" રૂપાળીએ નિરાશાથી પુછ્યું.

---

૧ પગ. ૨ હાથ. ૩ બંધનઃ દંતે=દાંતથીઃ ૪ સ્તનનો આગલો ભાગ. ૫ સજા કરીને. ૬ ગુસ્સે થયેલી સ્ત્રી. ૭ કામદેવ. ૮ આકરાં.

" હા. છૂટકો નથી."

" પાછા ક્યારે આવશો ?"

" કાંઇ નક્કી ન કહેવાય. હું રાજાની સાથે છું. જરા ય ચિંતા ન કરતી. મારા સમ." આમ કહી જેસંગ રૂપાળીથી છૂટો પડ્યો. બન્નેની આંખમાંથી આંસુનુ એક ટીપું ખર્યું.

જેસંગના ગયા પછી. રૂપાળી ખૂબ રડી. પછી આંખમાં આંસુ સાથે પ્રભુને પ્રાર્થના કરીઃ " હે ! ભગવાન ! એમને હેમખેમ રાખજે. મારી આંખોના એ રત્નને, મારા દેહના એ પ્રાણને સંભાળજે."

ત્યાં તો બાલકો આવી પહોંચ્યાં. રૂપાળીએ આંસુ એકદમ લૂછી નાખ્યા, અને કૃતિમ હાસ્ય હસી.

" બા ! મારા બાપુ આવ્યા'તા ને ?"

" હા. પણ રાજાજીનું કામ હોવાથી પાછા ગયા." રૂપાળીની આંખમાંથી આંસુનું ટીપું પડયુ'. બાલકોનાં મોઢાં પણ દયામણાં થઇ ગયા.



પ્રકરણ ૫.

મણી માટે મ્હેનત.

"કેમ જેસંગ! કામ ફતેહ ને?" રાજાએ જેસંગને આવતાં જોતાં, સામે જઇને પૂછયું.

"હા. બાપુ! જુઓ ને?" જેસંગે ચારે બાજુએ લોઢાના અણીદાર ઉભા ખીલા જડેલ પેટી બતાવી.

અજય તે જોઇ ખૂશ થયો.

× × × ×

"કારભારી! તમે બધા હવે શહેરમાં જાવ! તમારૂં કોઇનું હવે કાંઇ કામ નથી. હું અને જેસંગ જરા કામ હોવાથી બ્હાર જઇએ છીએ." અજયે સાંજે પાંચ વાગ્યે કારભારીને કહ્યું.

"પણ બાપુ! હું સાથે આવું તો? મને તમારી ખૂબ ચિંતા રહે છે."

"ના એવી ખોટી ચિંતા ન રાખીએ. ઠીક! અમે જઇએ છીએ. તમે શહેરમાં ચાલ્યા જાવ."

જેસંગ અને અજય પેલી ન્હાનકડી પેટી લઇને ઘોડા ઉપર બેસી જંગલ તરફ ઉપડયા. કારભારી અને અંગરક્ષકો શહેર તરફ જવા રવાના થયા.

જેસંગ અને અજય થોડીવારમાં પેલા ઝાડ પાસે આવી પહોંચ્યા.

દિવસ આથમ્યો. બન્નેએ ઘોડાઓને જરા દુર ઝાડ સાથે બાંધ્યા.

નાગ જે ઝાડ નીચે મણી રાખતો હતો. તે ઝાડ ઉપર અજય ચઢયો. જેસંગે તે ઝાડ પર પોતાને ચઢવા દેવા ખૂબ વિનંતિ કરી, પણ તે નકામી ગઇ. અજય પોતાની ખાતર કોઇનો જીવ જોખમમાં નાખવાની ખાસ વિરૂદ્ધ હતો. જેટલું બની શકે તેટલું કામ પોતાને હાથે કરવાની તે ખૂબ ચીવટ રાખતો. તેથી જેસંગની વિનંતિને અવગણીને જે ઝાડ નીચે નાગ મણી રાખતો, તેની ઉપર અજય ચઢયો.

" જેસંગ! તું પાસેના ઝાડ પર ચઢ. એક ઝાડ ઉપર આપણે બેયને રહેવું ઉચિત નથી. કદાચ તેથી ખુબ ખખડાટ થાય અને નાગ હેરાન કરે અને પેટી મને આપ."

" બાપુ! પેટી ભલેને મારી પાસે રહી. હું તે કામ સરસ રીતે બજાવી શકીશ."

" પણ તારા કરતાં મને મારા પોતામાં વધારે વિશ્વાસ છે. લાવ પેટી! મોડું થાય છે." અજયે હુકમ કર્યો. જેસંગને નિરૂપાયે પેટી આપી દેવી પડી.

બન્ને જુદા ઝાડ પર બેસી ગયા.

આજ નાગ કાલ કરતાં ખુબ વ્હેલો નિકળ્યો. લગભગ દસ વાગ્યે વાવમાં સ્હેજસ્હાજ અવાજ થતો સંભળાયો. નાગનો ફુંફાડો કાને આવ્યો અજય સાવચેત થયો.

પ્રકરણ ૬.

નાગનો નાશ.

ત્યાં તો વાવ ઉપરથી પ્રકાશ આવવા લાગ્યો. ચારે બાજુ અજવાળું ઝોકાર થઇ ગયું. નાગ મણી સાથે ધીમે ધીમે ચાલ્યો આવતો હતો.

નાગ પાસે આવતો ગયો. જેસંગનું હૃદય ધબકારા કરવા લાગ્યું. અજય પણ સાવ નિર્ભય તો ન્હતોજ.

નાગની લંબાઇ અને પહોળાઇ અદ્‌ભુત હતી. નાગ આવા કદાવર હોતા હશે, એનો અજયને સ્વપ્ને ય ખ્યાલ ન્હોતો.

અજયના ઝાડ નીચે નાગ આવ્યો. એક ક્ષણ ચારે બાજુ તેણે નજર ફેરવી. ઝાડ ઉપર પણ નજર કરી. અજયનું લોહી ફરતું બંધ થઇ ગયું.

સદ્‌ભાગ્યે જે ડાળી પર અજય બેઠો હતો, તેના પર ઘણાં પાંદડાં હતા, અજય તેમાં ઢંકાઇ ગયો હતો. નાગની ચપળ આંખો અજયને ન જોઇ શકી.

નાગે ફુંક મારી નીચેની જમીન સાફ કરી. ત્યાં મણી મુકી દીધો. પાછી ચારે બાજુએ નજર ફેરવી, અને ત્વરાથી જંગલમાં ચારો કરવા ચાલતો થયો.

અજયને હવે જીવમાં જીવ આવ્યો. નાગે અજયને જોયો હોત તો તેના સોએ સો વરસ પુરાં થઇ ગયા હોત. કોઇપણ મર્દની તાકાત ન્હોતી કે આ રાક્ષસી નાગના પંજામાંથી છટકી શકે.

અજયે પ્રભુનો આભાર માન્યો. જંગલમાં ચાલ્યા જતા નાગ તરફ દૃષ્ટી રાખી. મણીના અજવાળાને લીધે, તે ખૂબ દૂર હોવા છતાં દેખી શકાતો હતો.

છેવટે દેખાતો બંધ થયો. અજય ધીમેથી નીચે ઉતર્યો. લોઢાની પેટી ઉઘાડી. તેમાં મણી નાખ્યો. પેટીનું ઢાંકણું બંધ કરી દીધું, પેટી મણી પડેલો હતો, તે જ જગ્યાએ રાખીને ત્વરાથી ઉપર ચડી આવ્યો.

મણી ઢંકાઇ જવાથી બધો પ્રકાશ ચાલ્યો ગયો. કાળો ઘોર અંધકાર ફેલાઇ ગયો. ચોમાસાની રાત હતી. તમરાંઓના વિચિત્ર અવાજ રાત્રિની ભયાનકતામાં વધારો કરતાં હતાં. આવો કાળો અંધકાર ગમે તેવા છાતીવાળાને પણ થથરાવી મુકવા સમર્થ હતો.

ઓચીંતો અંધકાર ફેલાઇ જતાં નાગને આશ્ચર્ય થયું. "શું થયું ?" તેને વિચાર આવ્યો, "કયા કમ નસિબ પ્રાણીએ મારો મણી લેવાની દુષ્ટતા કરી છે ?" તેણે પોતાને પ્રશ્ન કર્યો. "આજ

વરસો થયાં હું નિર્વિઘ્ને ચારો કરવા આવું છું. આજ મને આ કાર્યમાં વિઘ્ન કરનાર કયું દુષ્ટ પ્રાણી છે ? આવા મૂઢ પ્રાણીનો નાશ થવો જોઇએ." તેણે નિશ્ચય કર્યો.

તેના ક્રોધનો પાર ન રહ્યો. તેની આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. તેણે જોરથી ફુંફાડો માર્યો. ફુંફાડો આખા ય જંગલમાં ફરી વળ્યો. તેણે ક્રોધમાં ફેણ જોરથી જમીન ઉપર પછાડી. આખા જંગલમાં તેનો પડઘો ફરી વળ્યો.

નાગ એકદમ જે રસ્તે આવ્યો હતો, તે રસ્તે પાછો ફર્યો. ઠેકઠેકાણે તે ક્રોધથી ફેણો પછાડતો હતો.

અજય આ અવાજ સાંભળતો હતો. તેને ભય લાગવા માંડયો. તેને લાગ્યું કે આ કામ ખોટું કર્યું પણ તેણે મન વાળ્યું. ક્ષત્રી બચ્ચો મર્દાઇના કામ માટે પસ્તાતો નથી. જીવન અને મરણ તેને રમત વાત છે. તે જીવી જાણે છે, અને મરી જાણે છે. અજયના દેહની નસેનસમાં આ મર્દાનગીવાળું લોહી ઉછળતું હતું. તેણે તિરસ્કાર પૂર્વક ભયના બધા વિચારોને ફેંકી દીધા. તેની આંખોમાં મર્દાનગી પ્રકટી. તેનું શરીર જરા અક્કડ થયું. ગમે તે ભોગે નાગનો પરાજય કરવા તેણે નિશ્ચય કર્યો. મોત ! તેની તેને રજ માત્ર પરવા ન્હોતી.

નાગ હવે નજીક આવ્યો. અજય તેને ન્હોતો દેખી શકતો. પણ તે પાસે આવે છે એમ તેના ચાલવાથી થતા અવાજ અને ફુંફાડાથી માલુમ પડતું હતું.

નાગ હવે તો સાવ નજીક આવ્યો. અજય તેની ચકચકિત લાલ આંખો જોઇ શકયો.

આવા ભયાનક અંધારામાં પણ નાગની તિક્ષ્ણ આંખો બધું જોઇ શકતી હતી. તે આસપાસ નજર ફેરવ્યે જતો હતો.

તે ઝાડની નીચે આવ્યો. તેણે મણીની જગ્યાએ પેટીને જોઇ. નાગે તેને કોઇ પ્રાણી માન્યું. તેનો ક્રોધ છેલ્લી ટોચે પહોંચ્યો.

અજબ શકિતથી તેણે પેટી ઉપર ફેંણો મારવા માંડી. તિક્ષ્ણ ખીલાઓ ફેંણને વીંધી નાખવા લાગ્યા. નાગને તો લાગ્યું કે આ પ્રાણી મને નહોર મારે છે.

તેનો ગુસ્સો વધતોજ ચાલ્યો. અજબ વેદના થતી હોવા છતાં તેણે ફેણ જોરથી માર્યાજ કરી. ફેંણ સાવ વીંધાઇને ખોખું થઇ ગઇ.

હવે નાગમાં શકિત ન રહી. તેણે છેલ્લી વાર ફેણ મારી લીધી. પોતે લગભગ મરણવસ્થામા બેભાન થઇને પડ્યો, અને છેલ્લો શ્વાસ લીધો.



૯

પ્રકરણ ૭

વાવમાં

અજય આ છેલ્લો શ્વાસ સાંભળી શક્યો. તેને ખાત્રી થઇ કે નાગના રામ રમી ગયા છે. પાચ મીનીટ તેણે રાહ જોઇ. નાગ જરાય સળવળ્યો નહિ.

તે તરતજ નીચે ઉતર્યો. જેસંગ પણ નીચે ઉતર્યો. બન્નેએ તલવારથી નાગના કેટલાય ટુકડા કરી નાખ્યા.

"જેસંગ ! હવે શું કરશું ? આ કામ તો ફત્તેહ થઇ ગયું. હું તો ઇચ્છું છું કે અત્યારેજ આ મણીની મદદથી વાવમાં ઉતરીએ" અજયે પૂછયું.

બાપુ ! મારું માનના હો તો રાત અહીં ઝાડ ઉપરજ પસાર કરીએ. સ્હવારે આપણે વાવમાં ઉતરીશું. રાત્રે ભય જેવું છે."

અજયને આ સલાહ યોગ્ય લાગી. બન્ને તે ઝાડ ઉપર પેટી લઇને ચડી ગયા, અને વાતોના ગપાટા મારવામાં રાત પસાર કરી.

અજય નવા વિચારનો જુવાનીઓ હતો. એક માછીમાર સાથે વાતો કરવામાં તે હિણપદ નહોતો માનતો. દુનિયાના સાહિત્યનો તેણે અભ્યાસ કર્યો હતો. બધે ય ભ્રાતૃભાવ ફેલાવવાના તેના કોડ હતા. હલકામા હલકી કોટીના માણસ સાથે તે સાવ સંકોચ વિના આનંદથી વાતો કરી શકતો.

અત્યારે તેની ઉમર ત્રીસ વરસની હતી. દસ વરસથી રાજ કારભાર તેના હાથમાં આવ્યો હતો. પિતાએ તેને પરણાવવા માટે ખૂબ મ્હેનત કરેલી. પરંતુ આ ભાઇસાહેબે સાફ ના સુણાવેલી.

તે સૌન્દર્ય પાછળ દિવાનો ન્હોતો. સ્ત્રીઓના મોહક અવયવો તેને ન્હોતા આકર્ષી શકતા. તે તો પવિત્ર પ્રેમ પાછળ ગાંડો હતો. તે પોતાને સમજી શકે એવા આત્માની શોધમાં હતો. દેહની સુંદરતાની તેને રજમાત્ર પણ પરવા ન્હોતી. આત્માની સુંદરતા માટે તે મરી ફીટતો હતો.

બધાએ પરણીજ જવું જોઇએ એમ તે ન્હોતો માનતો. લાકડે માંકડું વળગાડવા કરતાં કુંવારી જીંદગી તે હજારવાર પસંદ કરતો. તેના સ્વપ્નાંઓની દેવી તેને મળે તો ઠીક છે, નહિં તો કુંવારાજ પવિત્ર જીવન ગાળવું એવા તેના કોડ હતા.

સ્હવાર પડયું. બન્ને વાવ તરફ વાતો કરતા ચાલતા થયા. બન્નેના હાથ અને મ્હોં ઉપર હજુ નાગના લોહીના છાંટા હતા. હાથ

મ્હોં ધોઇને વાવમાં ઉતરવાનો તેમણે નિશ્ચય કર્યો.

બન્ને વાવમાં ઉતર્યા. પણ તેઓ પાણીને ન્હોતા અડી શકતા. પાણી પાસે જાય કે તરતજ પાણી દૂર ખસી જઇ માર્ગ કરી આપતું હતું.

આનું કારણ અજય એકદમ સમજી ગયો સાથેના મણીનો તે પ્રતાપ હતો. મણી જેસંગના હાથમાં આપીને તેણે હાથ અને મ્હોં ધોયાં. પોતે મણી લઇ લીધો, અને જેસંગે હાથ મ્હોં ધોઇ નાંખ્યાં.

બન્ને હવે વાવના પગથીયાં ઉતરવા લાગ્યા. પાણી માર્ગ કરી આપતું હોવાથી ઉતરવામાં જરા ય મુશ્કેલી ન્હોતી.

આમ એક કલાક સુધી તેઓએ ચાલ્યા કર્યું. તેઓ સાવ નીચે આવ્યા. ચારે બાજુયે ભીંત હતી. મણીનો પ્રકાશ ન હોત તો અત્યારે ધોળે દિવસે પણ કાંઇ ન દેખી શકાત.



પ્રકરણ ૮

સોનાનો મ્હેલ

તેમણે ભીંત ખૂબ બરાબર તપાસી. ક્યાં ય દરવાજા જેવું ન લાગ્યું. છતાં તેમણે ભીંત ઉપર ચારે બાજુએ હાથ ફેરવ્યા કર્યો.

અચાનક ભીંતમાં ખોદેલો એક ન્હાનો ખીલો જેસંગના હાથમાં આવ્યો. જેસંગે તે જરા દબાવ્યો. તરતજ એક ધીમો અવાજ આવ્યો, અને જમીન પરની એક શીલા ઉઘડી ગઇ.

જેસંગે અને અજયે આ બાકોરામાંથી નીચે જોવા પ્રયાસ કર્યો. ત્યાં પગથીયાં દેખાયાં. બન્ને 'યા હોમ કરીને' અંદર ઉતર્યા.

આમ એક કલાક ચાલ્યા. અગાઉની મુજબ પાછો છેડો આવી ગયો. અહિં પણ કોઇ ચાંપ હોવી જોઇએ એમ ધારી અજય અને જેસંગ ભીંત ઉપર હાથ ફેરવવા લાગ્યા.

પણ મ્હેનત નિષ્ફળ નિવડી. ચાંપનો પત્તો ન લાગ્યો. છેવટે કંટાળીને પાછા જવાનો વિચાર કરતા હતા, તેવામાં અજયના પગ નીચે અકસ્માત એક ન્હાનો પત્થર દબાયો. તરતજ ભડાક દઇને સામેની ભીંતનું બારણું ઉઘડી ગયું. બન્ને તેમાં દાખલ થયા.

તે ન્હાનકડી ગલી હતી. તેમાં થોડીવાર ચાલ્યા, એટલે બ્હારથી પ્રકાશ આવવા લાગ્યો. ગલીનો છેડો આવ્યો, અને સામે ન્હાનકડા મેદાનમાં એક ન્હાનો મહેલ દેખાયો.

તેઓ મ્હેલ પાસે ગયા. મ્હેલ આખો ય સોનાનો બનાવેલો હતો. તેની અજબ કારીગરી જોઇને અજય છક થઇ ગયો. સદ્‌ભાગ્યે મ્હેલના દરવાજા સાવ ખુલ્લા હતા. ત્યાં એકપણ ચોકીદાર ન્હોતો દેખાતો.

તેઓ મ્હેલમાં દાખલ થયા. બધું ય નિસ્તબ્ધ હતું. કયાં ય અવાજનું નામ ન્હોતું. અજય અને જેસંગ કાંઇ બોલ્યા વિના ચુપ ચુપ ફરવા લાગ્યા.

નીચે ત્રણ ઓરડા હતા. તેમાં તેઓ ફરી આવ્યા. ઓરડાના વૈભવની વાત ન થઈ શકે. એક ઓરડા જેટલો વૈભવ આખી સૃષ્ટિના સમ્રાટ પાસે પણ નહિ હોય.

એક ઓરડામાં પુસ્તકોનો ભંડાર ગોઠવેલો હતો. તેના કબાટ હીરા માણેક રત્નજડિત સોનાના હતા. ત્રીજો ઓરડો સ્નાનગૃહનો હતો. સ્નાનગૃહમાં અસંખ્ય જાતના તેલ, અત્તર અને સાબુઓનો ભંડાર હતો. સુગંધીનો કાંઇ પાર ન્હોતો.

હવે તેમણે ઉપર જવા નિશ્ચય કર્યો. ખૂબ મ્હેનત પછી તેમને દાદર મલ્યો. થોડીવારમાં તેઓ ઉપર પહોંચ્યા.

તેઓ જેમ જેમ ઉપર આવતા ગયા તેમ તેમ એક અજબ જાતની મીઠી સુગંધ આવવા લાગી. આવી મીઠી સુગંધ અજયે પોતાના બાદશાહી જીવનમાં ન્હોતી સુંઘી.

ઉપર એક વિશાળ ઓરડો હતો. તે શયનગૃહ હોય એમ લાગ્યું. ઓરડામાં પ્રવેશ કરતાં તો સુગન્ધનો પાર ન રહ્યો.

" આ તે કઇ જાતનું ફુલ હશે ? " અજયને આશ્ચર્ય થયું.

આ શયનગૃહનો શણગાર તો ઓર હતો. બે પલંગ પાથરેલા હતા. ચારે બાજુએ બહુજ કલાયુક્ત ચિત્રો કલાયુકત રીતે ટાંગેલાં હતાં. તેની શોભાનાં વખાણ કરવા કોઇ કવિની કલમ જોઇએ.

સામેના પલંગ પર અજયની એકદમ નજર ગઇ. બધી સુગન્ધ ત્યાંથી આવતી હતી.

એક સુન્દરી ત્યાં ઘસઘસાટ ઉંઘતી હતી. તેના શ્વાસથી આ સુગંધ પથરાયેલ બધે હતી.

સ્ત્રીની સુંદરતા અજબ હતી. કોકશાસ્ત્રમાં પદ્મની[1] કહેવાય છે તે જાતની આ સ્ત્રી હતી.

भवती कमलनेत्रा नाभिका क्षुद्ररंध्रा अविरल कुच युग्मा दीर्घकेशा कृशांगी । मृदुचरण सुशिला गीत नृत्या नुरकता सकल तनु सुवेषा पद्मिनी पद्मगंधा

ભાવાર્થ: જે સ્ત્રીનાં નેત્રો કમળ સમાન હોય, જેનાં નાકનાં છિદ્રો સાંકડા હોય, જેનાં સ્તનો ઉન્નત અને પુષ્ટ હોય, જેનો કેશ કલાપ જાડો અને લાંબો હોય, જેની ચાલ મૃદુ અને ધીમી હોય, જેને ગીત અને નાચ આવડતાં હોય, જેની આખી ય કાયા સુંદર, સફેદ અને મનોહર હોય, જેના શરીરમાથી પદ્મીની સુગંધ આવતી હોય તેને પદ્મીની સમજવી.

તેની ઉમ્મર અઢાર વરસથી વધારે ન્હોતી. સુન્દરતા કરતાં ય તેના મોઢા પરની પવિત્રતા વધારે આકર્શક હતી. તેનું મુખ સ્વર્ગની પવિત્ર દેવીનો ખ્યાલ આપતું હતું. ગમે તેવો કામી અને લફંગો માણુસ તેને દેખતાંજ પવિત્ર બની જાય, એવો તેનો દેખાવ હતો.

અજય તેને વધુ જોવા માટે તેના પલંગ પાસે ગયો, પણ તેજ ક્ષણે તે પાછો ફર્યો.

" પરસ્ત્રીને આવી સ્થિતિમાં જોવી એ ભીષણ પાપ છે. મને તેને જોવાની ઇચ્છા થઇ, એજ મારા પતનની નિશાની છે " તેણે મનમાં કહ્યું.

તેણે જેસંગને ઇસારો કર્યો. બન્ને ઓરડામાંથી બ્હાર નીકળી આવ્યા.

બ્હાર આવી ત્યાં પડેલી બે ખુરશી ઉપર તેઓ બેઠા. આ બધું શું છે, તે જાણુવા માટે પેલી પવિત્ર સ્ત્રી સાથે વાત કરવી જોઇએ એમ અજયને લાગ્યું. આ બધું ય અદ્દભૂત છે, અને બધી અદ્દભૂત વાતોનો ભેદ તે બ્હેન પાસેથી મળી શકશે, એવી અજયની ધારણા હતી. તેથી તે બ્હેન ઉઠીને બ્હાર આવે ત્યાં સુધી તેની રાહ જોઇને ત્યાં બેસી રહેવાનો અજયે નિશ્ચય કર્યો.

અરધો કલાક સાવ શાંતિથી પસાર થયો. અંદર જવા અવાજ થવા લાગ્યો. કદાચ તે સુન્દરી ઉઠી હશે.

અને હતું પણ તેમજ. સુન્દરી તરતજ બ્હાર નીકળી. અજય અને જેસંગને જોઇને ચમકી. મોઢા પરથી લોહી ઉડી ગયું. સાવ ફીકકી પડી ગઇ.

" તમે કોણ છો ? " તે પવિત્ર સુન્દરીએ ચીસ પાડી.

" બ્હેન ! ગભરાવ મા ! અમે તમારો વાળ પણ વાંકો નહિ કરીએ. " અજયે અશ્વાસન આપ્યું.

" પણ તમારે જીવ બચાવવો હોય તો કૃપા કરીને નાસી જાવ. તમે અહીં કેવી રીતે આવી શકયા, એ હું નથી સમજી શકતી. આ ઘરનો માલેક હમણાંજ અહીં આવી પહોંચશે. અને તમને ચોકકસ મારી નાખશે. " સુન્દરીનો ડર ચાલ્યો ગયો. તે અજયની સામે પડેલ ખુરશી ઉપર બેઠી.

" તમે ગભરાવ મા ! હું ક્ષત્રિય છું. જીવ બચાવવા ખાતર નાસવાને બદલે, મોતને હું વધુ વ્હાલથી ભેટી શકું છું. પણ આ ઘરનો માલેક કોણ છે તે કહેશો ? અને અહીં તમારા સિવાય કોઇ માણસ કેમ નથી દેખાતું, એ જણાવશો ? "

" મને આપની નિડરતા માટે માન ઉપજે . પણ કોઇ જાતના લાભ વિના જીવના સોદા શા માટે કરવા ? અને આ ઘરનો માલેક અસાધારણ શકિતવાળો છે. તે મનુષ્ય નથી. પણ તમે અહિં આવ્યા કેવી રીતે ? "

" મણીની મદદથી. " અજયે જવાબ આપ્યો.

"મણીની મદદથી"? સુન્દરી ચમકી. "તમારી પાસે મણી ક્યાંથી આવ્યો ?" ત્યારે તમે મને નહિ બચાવી શકો ? મણી ચોરી લઇને નાસવા માટે મેં કેટલા પ્રયાસ કરેલા ? પણ તમારા હાથમાં તે ક્યાંથી આવ્યો ?" સુંદરી ઉશ્કેરાઇ ગઇ હતી.

"જરા ધીરજ ધરો. અમે વાવમાંથી નાગને મણી સાથે નિકળતો જોયો. તેને અમે મારી નાખ્યો, અને મણીની મદદથી અમે અહિં આવ્યા. હવે તમે તમારી અને આ ઘરના માલેકની વાત કહેશો ?"

"પ્રભુ તમારૂં કલ્યાણ કરે !" સુન્દરીની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાઇ આવ્યાં. તે અજયને પગે પડી. અને તે પગને બે હાથે ઝાલીને ચુમવા લાગી. આંખમાંથી આંસુની ધાર વરસતી હતી.

અજયે પોતાનો પગ ધીમે ધીમે છોડાવ્યો. સ્વર્ગની દેવી જેવી પવિત્ર સ્ત્રી પોતા જેવા પામર માણસના પગ ચુમે એ જોઇ અજયને ખૂબ શરમ થઇ.

પણ તે ખૂબ હર્ષમાં બેભાન થઇ ગઇ હતી. જેસંગ દોડીને શયનગૃહમાંથી ગુલાબજળનો એક શીશો લાવ્યો, અને બેશુદ્ધ સુન્દરીના મોઢા ઉપર તેમાંથી થોડું ગુલાબ જળ છાંટયું.

પ્રકરણ ૯.

ઉષાની આત્મકથા.

થોડીવારે સુન્દરી ભાનમાં આવી. ચારે બાજુએ દૃષ્ટિ ફેરવી. બધું યાદ આવ્યું. અજયને પંખો નાખતાં જોઇને શરમાઇ. એકદમ ઉભી થઇ, અને ખુરશી ઉપર બેસી ગઇ.

" અવિવેક માટે ક્ષમા આપજો. ખૂબ આનંદ થવાથી હું બેભાન થઇ ગયેલ. આપે લીધેલ મ્હેનત માટે હું આપની ઋણી છું."

"તમને કાંઇ વાંધો ન હોય તો તમારી કથની કહો."

" ભલે ! મને કોઇ જાતનો વાંધો નથી. રત્નપુરના મહારાજની હું એકની એક પુત્રી. મારૂં નામ ઉષા. માબાપે મને ખુબ લાડથી ઉછેરી, મને ખૂબ કેળવણી આપી. દુનિયાની ઘણી ખરી ભાષા જાણી શકું તે માટે જુદા જુદા વિદ્વાન શિક્ષકો રોકીને મને ઘણી ખરી ભાષાનું જ્ઞાન અપાવ્યું.

મારી પંદર વરસની ઉમર થતાં મારી કીર્તિ બધે ફેલાઇ. દેશ દેશના રાજાઓએ મારે માટે માગાં મોકલ્યાં. મારા બાપે બધાને ના સુણાવી.

તે તો સુધરેલા વિચારના હતા. હું જેને પસંદ કરૂં, તેની સાથે મારાં લગ્ન કરવાની તેમની ઉમેદ હતી.

એક દિવસ મારી એક સહિયરે વિલાસપુરના યુવાન રાજા અજયસિંહની છબી બતાવી. તેના તેણે ખૂબ વખાણ કર્યા. તેની બહાદુરી, તેની સત્યનિષ્ઠા, તેની નિડરતા, તેનું ચારિત્ર્ય, અને તેના જ્ઞાનની વાતો સાંભળીને હું મુગ્ધ બની ગઇ. છબી તેની પંદર વરસની ઉંમરે લેવાયેલ હતી તે છબી જોઇને હું ચકિત થઇ આવો પાણીદાર યુવાન મેં મારી જીંદગીમાં ન્હોતો જોયો.

પરણું તો તેનેજ પરણું. એમ મને લાગી આવ્યું. મારી માતા મારફત અજય તરફનો મારો પ્રેમ મેં પિતાશ્રીને જણાવ્યો. મારા પિતાએ તેમાં સંમતિ આપી. તેને ગોળને નાળીએર આપી, અજયસિંહને ત્યાં મોકલ્યો.

પણ ગોર તો નિષ્ફળ થઇને પાછો આવ્યો. અજયે દિલગીરી સાથે ના સુણાવી. "મારો હમણાં લગ્ન કરવાનો વિચારજ નથી. માટે માફ કરશો. એમ કહેવડાવ્યું."

આટલું બોલી ઉષાએ અજય સામે બરાબર જોયું. અજય શરમાઇ ગયો. એક મીનીટ સુધી તે અજય સામે જોઇ રહી. તરતજ તે ચમકી. તેનાથી ચીસ પડાઇ ગઇ. "તમે પોતે અજય તો નહિ ને ?"

પ્રકરણ ૧૦.

"મારા અવિવેક માટે ક્ષમા કરો"

અજય આમ ઓળખાઇ જવાથી જરા ગભરાયો, જરા શરમાયો, એક ક્ષણ નીચું જોઇ રહ્યો, અને બોલ્યોઃ-

"હા! તે હું પોતેજ. મારા અવિવેક માટે ક્ષમા આપો. મેં તમારાં વખાણ સાંભળેલાં પણ તે મેં જુઠાં માનેલાં. તમારા જેવા મહાન પવિત્ર આત્માનો હાથ પાછો ઠેલવા માટે મને આજ ખૂબ લાગી આવે છે. આપનો મારા માટે વિચાર ફર્યો ન હોય તો—"

"ત્યારે તમે મને તમારી કરશો ?" અજયનું વાક્ય અધુરૂં રાખીને, ઉષાએ આશા, આનંદ, ઉલ્લાસ અને શરમથી નીચું મોઢું કરીને પૂછ્યું.

"તમે મને જો તમારે લાયક માનતા હો તો હું સદ્દભાગી."

"બહુ વિવેકની જરૂર નથી. મને સ્વિકારવા તમે તૈયાર થયા

છો, એ જાણી મારૂં રોમેરોમ આનંદિત થયું છે." આમ કહી તે અજય પાસે ગઇ.

પવિત્ર પ્રેમ બંનેના મુખ પર ઝળકી રહ્યો હતો. વિષય-વાંસનાનો એક છાંટો ય ન હતો.

અજય આજ સુધી પોતાને ઓળખી શકે એવા પવિત્ર આભારીની શોધમાં હતો. આજ તેની વાંચ્છના પરીપૂર્ણ થઇ.

"તમારી કથની આગળ લંબાવોને ?" અજયે વિનતિ કરી.

"પ્રેમમાં તમે વિવેકને સ્થાન આપો છો ? મને 'તમે' કહેશો તો હું માનીશ કે તમારા મારા પરના પ્રેમનાં સ્હેજ ઉણપ છે."

"તો હું સુધારી બોલું. તારી કથની આગળ ચલાવ ? હવે તને ગમશે ને ? પણ ત્યારે તું મને 'તમે' કહીને શા માટે બોલાવે છે ? તારા પ્રેમમાં કાંઇ ઉણપ છે ?"

"ના પણ સ્ત્રીએ પોતાના પતિને માનાર્થે બોલાવવો જોઇએ એવી રૂઢી પડી ગઇ છે."

"શુદ્ધ પ્રેમમાં રૂઢીને સ્થાન નથી."

"તો ભલે હું પણ 'તું' કહીને બોલાવીશ. જો કે તેમ કરતાં મુશ્કેલી તો પડવાનીજ."

"ભલે મુશ્કેલી પડે. પણ તારી વાત તો હવે આગળ ચલાવ !"

"મેં વાત ક્યાંથી પડતી મુકી ? હં યાદ આવ્યું. પેલા હરામખોર અજયે–" સુંદરીએ હસતાં હસતાં કહ્યું.

"ખબરદાર ! તારા પ્રેમીને હરામખોર કહી અપમાને છે?" અજયે હસતાં હસતાં તેને અટકાવી.

"જે થાય તે કરી લેજે હું તો મને ઠીક પડશે તેમ બોલીશ. પેલા હરામખોર અજયે તો ના સંભળાવી દીધી. મારા પિતા આમ અપમાન થવાથી ગુસ્સે થયા. હું પણ છાનીમાની ખુબ રડી. લુચ્ચા અજયને મારા મનમાં ખૂબ ગાળો આપી, વિનંતિઓ કરી અને રડતાં રડતાં ઉંઘી ગઇ.



પ્રકરણ ૧૧

ઉષાની આત્મકથા (ચાલુ)

બપોરે બાર વાગ્યે-એટલે કે સુતા પછી બે કલાકે જરા અવાજ થવાથી હું જાગી ગઇ. બારીમાંથી એક નાગ મારા ઓરડામાં દાખલ થયો. તે દિવસે ગામમાં મેળો હોવાથી મારા માબાપ ત્યાં ગયાં હતાં હું ઉંઘી ગયેલ હોવાથી અને શોકમાં હોવાથી મને તેમણે ન ઉઠાડી.

નાગને જોતાંજ હું ગભરાઇ. આવો ભયાનક નાગ મેં મારા જીવનમાં ન્હોતો જોયો. હું ચીસ પાડવા જતી હતી, તેવામાં નાગ અદ્રશ્ય થયો, અને એક રૂપાળો પુરૂષ મારી નજર સામે ઉભો રહ્યો.

હું વધારે ગભરાઇ. મને ચુપ રહેવા નિશાની કરી, ક્રોધમાં આંખો લાલ કરી. હું બ્હી ગઇ. કાંઇ ન બોલી શકી.

તેણે મને તરતજ ઉપાડી લીધી અને એક છુપા દરવાજેથી ચાલતો થયો. મેં એક ચીસ પાડી. તેણે પોતાનું એક કપડું ફાડીને મારા મોઢામાં ડુચો માર્યો. હવે ચીસ પાડવાની મારામાં શકિત ન રહી.

તે મને ઘોર અરણ્યમાં લઇ આવ્યો ખાવા માટે થોડાં ફળ આણી આપ્યાં મારા તરફનો પોતાનો પ્રેમ તેણે બતાવ્યો. તેણે કહ્યું કે 'હું નાગ દેવ છું' પ્હેલાં ઇંદ્રના દરબારમાં તેનો માનીતો દેવ હતો એકવાર તે મારી ઉપર કોપ્યા. તેણે મને નાગ બની જવાનો શાપ આપ્યો મેં ખુબ આજીજીઓ કરી એટલે તેણે કહ્યું કે દિવસે પુરૂષ બનવું કે નાગ બનવું એ તારા હાથમાં રહેશે. પણ રાતે તો તું ફરજીયાત નાગ બની જવાનો. એક દિવસે એક ક્ષત્રિય વીર, ને હાથે તારૂં મોત થતાં તારો ઉદ્ધાર થશે ?'

'હવે' તે નાગે મને કહેવા માંડ્યું, 'થોડા દિવસ પ્હેલાં મેં તને જોઇ. હું તારા પર મોહિત થયો. તું જે માગે છે એ તને આપીશ તું મારી થા."

મેં તો તેને ચોક્ખી ના સંભળાવી. મારૂં હૃદય તો લુચ્ચા અજયને અપાઇ ગયું હતું તે મને આ વાવ નીચે લાવ્યો. આ મ્હેલ બતાવી, મને લલચાવવા પ્રયાસ કર્યો, પણ હું ન લલચાઇ.

તે કોઇ પ્રેમનો ભૂખ્યો ન્હોતો. મારા માંસનો ભૂખ્યો હતો. મારા મોહક દેહનો ભુખ્યો હતો. તે તો તે દિવસેજ મારી ઉપર બળાત્કાર કરવા તૈયાર થયો. મેં વખત વિચારીને એક યુક્તિ અજમાવી.

"મને જો તમે તમારીજ કરવાનો નિશ્ચય કર્યો હોય તો મારો કાંઇ ઉપાય નથી. પણ મારી એક પ્રતિજ્ઞા છે. સોળ વરસ સુધી મારે બ્રહ્મચર્ય પાળવાનું છે. દસ મહિના પછી મને સોળ વરસ પુરાં થશે. તે દિવસે હું તમારી થઇશ."

મને ખુશ કરવા માટે દસ મહિના રાહ જોવાનું તેણે કબુલ કર્યું, અને હું પવિત્ર રહી ગઇ. મને રાજી રાખવા માટે તે હમેશાં પ્રયાસ કરતો. મારે માટે દુનિયાની દરેક ભાષાના પુસ્તકોનું પુસ્તકાલય પણ વસાવ્યું.

તે દિવસે પુરૂષ તરીકે રહેતો. રાતે નાગ બની જતો, એટલે પોતાનો મણી લઇને બ્હાર ચારો કરવા જવા નિકળી પડતો.

આ મણી લઇને મેં નાસી જવા ઘણોય પ્રયાસ કર્યો. પણ તે પ્રયાસ નિષ્ફળ નિવડયો.

છેવટે આ લુચ્ચા અજયે મારો ઉદ્ધાર કર્યો છે. નાગને મારીને તેનો પણ ઉદ્ધાર કર્યો.



પ્રકરણ ૧૨.

ઉષાને ઘેર આનંદ.

"પણ તમે આ મણી કેવી રીતે લીધો, અહિં શા માટે આવ્યા, કેવી રીતે આવ્યા તે સવિસ્તાર નહિ જણાવો ?" ઉષાએ પુછ્યું.

અજયે બધી વાત વિસ્તારથી જણાવી. જાદુઇ માછલીની પણ વાત કહી, અને આ ભેદની શોધમાં હું આવ્યો છું. એમ જણાવ્યું.

"મને લાગે છે કે તે હરામખોર સુન્દરીનો પત્તો અહિં લાગવાનો. તમે કદી તેવાજ દેખાવવાળી બહુજ વિષય લોલુપ અને હરામખોર જણાતી સ્ત્રી નાગ પાસે પોતાના એક પ્રેમી માટે દવા લેવા ત્રણ ચાર વાર આવેલી. નાગ પાસે કેટલીક અકસીર દવાઓ હતી. કુમારજી તે લેવા આવતી. તેથી તેનો પત્તો કદાચ આટલામાંજ લાગી જાય." ઉષા બોલી.

"પણ હવે તે કામ કર્યાં પહેલાં મારે એક બીજું કામ કરવાનું છે. આ જેસંગ મારો વિશ્વાસુ માણસ છે. તેની સાથે હું

તને તારા બાપને ત્યાં મોકલી આપું. તારા માબાપ તારી ખુબ ચિંતા કરતા હશે તારા માબાપની સંમતિથી આપણા લગ્ન કરીશું."

"તારી વાત યોગ્ય છે વ્હાલા ! પણ મારી એક વિનંતિ છે. તું પોતેજ મારા બાપને ત્યાં મને મુકવા ન આવી શકે ? બે દિવસ પછી તું તારૂં કામ કરી શકે છે ફકત બે દિવસનોજ રસ્તો છે." ઉષાએ વિનતિ કરી.

" પણ મારી પ્રતિજ્ઞા છે કે આ ભેદ જાણ્યા પ્હેલા કોઇ શહેરમાં દાખલ ન થવું."

"તું ગામને પાદર ઉભો રહેજે ને ? તારો માણુસ મને મ્હેલમાં લઇ જશે."

છેવટે તેમજ નક્કી થયું. ત્રણે જણ વાવમાંથી બહાર નીકળ્યા. વાવથી કેટલેક દૂર અજયે અને જેસંગે પોતાના ઘોડા બાંધેલા જેસંગ તે ઘોડા છોડી આવ્યો. એક ઘોડા ઉપર ઉષા અને અજય બેઠાં. બીજા પર જેસંગ બેઠો. ઘોડા પુરપાટથી દોડાવી મુકયા.

બીજે દિવસે રત્નપુરને પાદર આવી પહોંચ્યા. અજય અને ઉષાને છૂટા પડવાનો સમય આવ્યો. બન્ને ઘોડા પરથી ઉતર્યા. બન્નેની આંખમાં આંસુ ભરાઇ આવ્યા.

"વ્હાલા ! અજય ! મને ભૂલી તો નહિ જાવ ને ?" ઉષાએ રડતાં રડતાં પૂછ્યું.

" ગાંડી ! હું તને ભૂલી જઇશ ? મારા આત્માને, મારા પ્રાણને, મારી આંખોના નૂરને ભૂલી જઇશ ?" અજયની આંખમાંથી પણ એક આસું પડયું.

" ત્યારે તમે પાછા ક્યારે આવશો ? "

"એ તો કાંઇ નક્કી નહિ પણ હું આ જીવમાં તો નથી જ ભૂલવાનો એ ચોક્કસ માનજે. મારા પર વિશ્વાસ રાખજે. મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી તો હું તારી પાસે પ્હેલી તકેજ આવી પહોંચીશ. "

બન્ને છૂટા પડયાં જેસંગની આંખમાં પણ આંસુ આવ્યાં જેસંગ અને ઉષા જુદે જુદે ઘોડે બેસીને શહેરમાં ગયાં, અને રાજમહેલમાં આવી પહોંચ્યાં.

રાજારાણીને પુત્રિને સલામત પાછી આવેલી જોઇ, ખૂબ આનંદ થયો જેસંગે તેમને બધી વાત સમજાવી. અજય ઉષાને પરણવા તૈયાર થયો છે, તે ખબર સાંભળી આનંદની અવધી આવી.

રાજા અજયને મળવા પાદરમાં આવ્યો. તેનામાં ખોટો ઘમંડ ન્હતો આવી જગ્યાએ બીજો કોઇ હોત તો અજય તરફ તિરસ્કાર બતાવત. એક વાર અજયે ના પાડી તેનો દંગ તે ન ભૂલત. આ તો ખુલ્લા દિલનો માણસ હતો. તેણે અજયનો ખૂબ સત્કાર કર્યો. શહેરમાં આવવા આગ્રહ કર્યો પણ અજયે પોતાની પ્રતિજ્ઞાને ખાતર આવવા ના પાડી પોતાનું કામ પતાવીને પ્હેલીજ તકે ત્યાં આવવાનું વચન આપ્યું.

ઉષાના માબાપ નવા જમાનાનાં માણસો હતાં. જુના જમાનાના માણસો હોત તો એક વરસ થયા ખોવાયલી છોકરીને ઘરમાં ન પેસવા દેત. તેને કલંકિત માનત. અને ધુતકારીને કાઢી મુકત. પણ તે સમજુ હતાં પુત્રિના પવિત્ર આત્માને બરાબર

પીછાનતાં હતાં. તેમને ખાત્રી હતી કે સૂર્ય ભલે પશ્ચિમમાં ઉગે, પણ પુત્રિ કલંકીત નહિ થાય. આપણાં દરેક માબાપને પોતાના સંતાનો-અને ખાસ કરીને પવિત્ર પુત્રીઓ માટે આવો વિશ્વાસ હોય તો કેવું સારૂં ? પુત્રીના મોઢા પર તેમણે પવિત્ર નૂર જોયું આવું નૂર અપવિત્ર માણુસના મોઢાપર ન જ હોઇ શકે.

આજ તેમને ત્યાં સોનાનો સુરજ ઉગ્યો. પ્રાણુથી પણુ વ્હાલી પુત્રી એક વરસના વિયોગ પછી મળતાં તેમનાં હ્રદય આનંદથી ફાટુંફાટું થઈ રહ્યાં.

ગામમાં મોટો ઉત્સવ ઉજવવામાં આવ્યો. ગરીબોને અને અપંગોને દાન અપાયાં. આખી પ્રજા હર્ષમાં આવી ગઇ.

ઉષાએ પોતાના માબાપને એક વરસમાં પોતા પર વિતેલા વિતકોની વાતો કહી. વાત કરતાં કરતાં ઉષાના માતા અને પિતાની આંખોમાં આંસુ ભરાઈ આવતાં.



પ્રકરણ ૧૩.

જંગી કિલ્લો.

અજય અને જેસંગ ઉપડયા. અજયે જેસંગને ઘેર જવા સૂચના કરી. પણ જેસંગે અજયને આમ એકલા છોડીને ચાલ્યા જવાની ચોકખી ના સંભળાવી.

તેઓ પાછા વાવ પાસે આવ્યા. હવે તો તેઓ રસ્તાથી ટેવાઇ ગયા હોવાથી સ્હેલાઇથી અંદર ઉતરી શકયા.

મ્હેલમાં ગયા. મ્હેલ ખાલી હતો. કોઇ ત્યાં આવ્યું હોય એમ લાગતું ન્હોતું. એક ઓરડામાંથી તેમને ત્રણ ચાર મજબુત તાળાં મળી આવ્યાં. તેમને તે તાળાં મ્હેલના દરવાજા બંધ કરી તેમાં વાસ્યાં. અને પેલી જાદુઇ રૂપસુંદરીની શોધમાં ચાલ્યા.

ચાલતાં ચાલતાં તેમણે બે ગાઉનો પંથ કાપ્યો. પણ હજુ કોઇ મકાન કે કોઇનું રહેઠાણ દેખાતું ન્હોતું છતાં તેઓ હિમતમાં ને હિમતમાં ચાલવાજ મંડયા.

તેવામાં જેસંગે અજયનો હાથ પકડીને તેનું ધ્યાન ખેંચ્યું.
“બાપુ ! પેઓએલું શું દેખાય છે ?”

અજયે આંખો ઝીણી કરીને જોયું. જરા દૂર કોઈ મોટી ઇમારત હોય એમ જણાયું. અજયના મોઢા ઉપર હર્ષની નિશાનીઓ દેખાઇ. પોતાની મ્હેનત સાવ નિષ્ફળ તો નથી ગઇ એમ તેને લાગ્યું.

પા કલાકમાં તેઓ તે ઇમારત પાસે આવી પહોંચ્યા. પાસે જતાં માલુમ પડ્યું કે તે તો મોટો કિલ્લો હતો. કાળમીંઢ પત્થરથી બાંધેલો હતો. કામ બહુજ નકશીદાર હતું. કિલ્લો ભવ્ય અને સુંદર લાગતો હતો.

" કદાચ આપણા ભેદનો પત્તો અહિં મલી જાય, તો નવાઇ નહિ. નહિ તો વાવ નીચે આ પાતાળમાં આવો સુશોભિત કિલ્લો શા માટે હોય ?" અજયને વિચાર આવ્યો.

"બાપુ ! હુ ધારૂં છું કે આપણે જાણવા ધારેલ ભેદનો ઉકેલ કદાચ અહિં મળી શકે." જેસંગે અજયના વિચારને ટેકો આપ્યો.

તેમણે કિલ્લાનું બારીકીથી નિરિક્ષણ કર્યું. આવો અદ્દભુત નકશીદાર કિલ્લો આખી દુનિયામાં નહિ હોય એમ લાગ્યું.

" પણ આવી અદભુત ચીજો પ્રભુએ લોકો ન જોઇ શકે એવે સ્થાને શા માટે આપી હશે ?" જેસંગે પુછયું.

" પ્રભુએ નથી આપી. પણ પ્રભુની શકિતને નકારવા ઇચ્છતા હરામખોરોના આ કારસ્થાન છે. પ્રભુ કાંઇ ગાંડો નથી. અને આવા હરામી માણસો ભલે પોતા માટે ઘમંડ રાખે. પ્રભુ તેમનો ચોકક્સ નાશ કરાવે છે. પેલા ઘમંડી નાગનો નાશ પ્રભુએ આપણી પાસે કરાવ્યો કદાચ અહિં પણ પ્રભુના કોઇ દુશ્મનનો વાસ હોય! અને તેનો નાશ કરવાનું કદાચ આપણા ભાગ્યમાં લખાયું પણ હોય." અજયે જવાબ આપ્યો.

" ત્યારે આપણે આ કિલ્લામાં દાખલ થઇશું ને? તેના દરવાજા ઉઘાડા પડયા છે. વાવ નીચેની આ દુનિયામાં દરવાજા બંધ કરવાનો નિયમ હોય એમ લાગતું નથી. નાગના મ્હેલના દરવાજા ઉઘાડાજ હતા ને?"

"હા. છતાં પણ આપણે તપાસ કરીએ કે અહિં કોઇ ચોકીદાર કે બીજું કોઇ માણસ છે કે નહિ?" અજયે જવાબ આપ્યો અને દરવાજો સાવ ઉઘાડો હોવા છતાં જોરથી સાંકળ ખખડાવવા મંડયો. અને બુમો પાડવા મંડયો પણ કોઇએ જવાબ ન આપ્યો.

અજયે જેસંગના હાથમાં તલવાર આપી. પોતાના હાથમાં પીસ્તોલ તૈયાર રાખી. બને સાવચેતીથી ધીમે પગલે અંદર દાખલ થયા.

તેઓ કિલ્લાની પરશાળમાં ફર્યા. ત્યાં કોઇ દેખાયું નહિં. પછી તેઓ ભવ્ય દિવાનખાનામાં ગયા. તે જગ્યા બહુજ સરસ હતી. ત્યાં તરેહ તરેહના વિવિધ રંગથી રંગેલા ઉન તથા સુતરથી ભરેલા ગાલીચાઓ પાથર્યા હતા. સુંદર ખુરશીઓ હતી. બારીઓમાં અજબ ભરત ગુંથણુવાળા મોહક પડદાઓ ટાંગેલા હતા. બે ત્રણ સરસ પલંગો ગોઠવેલા હતા.

ત્યાંથી આગળ ચાલતા બીજા ભવ્ય ઓરડામાં દાખલ થયા.

આ ઓરડાની બરાબર મધ્યમાં એક સુંદર પાણીનો હોજ હતો. તેના પર મોહક ઝાડની લતાઓ લટકાવેલી હતી હોજને ચારેય ખુણે ચાર મોટા સોનાના સિંહ હતા. તેમના મોઢામાંથી પાણી હોજમાં પડતું હતું હોજનાં મધ્ય ભાગમાં નકશીદાર ફુવારાની નળીઓ હતી. તેમાંથી પણ પાણી કલાયુકત રીતે પડતું હતું.

હવે તેઓ એક સુંદર બગીચામાં દાખલ થયા. બાગમાં દુનિયાના જુદી જુદી જાતના ફૂલ અને છોડ મોહક સોના રૂપાના

કુંડાઓમાં ગોઠવેલા હતા. આ અજબ ફૂલોની મીઠી સુગંધ ચારે બાજુએ પ્રસરી રહી હતી આ મીઠી સુગન્ધમાં મુગ્ધ બની રાજા અને જેસંગ એક ભીંતને અડેલીને બેઠા.

થોડીવારમાં તેઓએ એક દુઃખી માણસના શબ્દો સાંભળ્યા. શબ્દો પાસેના ઓરડામાંથી આવતા હતા. અજય એકેએક શબ્દ સાંભળી શકતો હતો. તે શબ્દો આ રહ્યાઃ—

"પ્રભુ ! પ્રભુ ! હવે આ દુઃખ નથી સહન થતું. કૃપા કરીને મારી જીવનદોરી હવે ખેંચી લે. આવાં દુઃખો કરતાં રૈરવ નરક હું વધુ પસંદ કરૂં છું. પ્રભુ ! તું તો દયાનો સાગર કહેવાય છે. મારી ઉપર આટલી દયા પણ નહિ કરે ?"

અજય અને જેસંગ ચમક્યા. જે બાજુએ અવાજ આવતો હતો તે બાજુએ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં એક મોટા ઓરડામાં તેઓ દાખલ થયા. તેમાં દાખલ થતાં જણાયું કે સામે જ એક સિંહાસન ઉપર એક યુવાન બેઠો હતો. તેણે કિમતી જવાહીર અને કપડાં પહેર્યાં હતાં. પરંતુ તેના મોઢા પર દુઃખનું વાદળ હતું. આનંદની એક પણ નિશાની નથી.

અજય અને જેસંગ તેની પાસે ગયા. તેને વિનયની સલામ ભરી. પેલા યુવાને પણ સામી સલામ ભરી અને દિલગીર થઇને બોલ્યો.

"પધારો ! મારે ઉભા થઇને આપનો સત્કાર કરવો જોઇએ. તેમ ન કરતો હોવાથી મને અવિવેક ન ગણતા. એક ભયાનક દુઃખને લીધે હું ઉભો થઇ શકતો નથી, માટે હું આપની માફી માગું છું."

પ્રકરણ ૧૪.

પત્થરનો પાદશાહ.

"મહારાજા સાહેબ! આપશ્રીના વિવેક માટે અમે આપના આભારી છીએ. અમે આપના દુઃખદાયક શબ્દો સાંભળીને અહિં આવ્યા છીએ. આપ કયા ભયાનક દુઃખમાં છો તે જણાવી શકશો? અમે તમને વચન આપીએ છીએ કે તમારૂં દુઃખ અમે જીવને જોખમે પણ ટાળીશું. હું વિલાસપુરનો રાજા છું આ મારો મિત્ર છે. કૃપા કરીને આપના દુઃખની કહાણી કહો. અમે તે સાંભળવા ઉત્સુક બન્યા છીએ.

"પ્રભુની લીલા વિચિત્ર છે. તે કૃપાનો સાગર છે. ક્રોધનો દાવાનળ છે તે રાયને રંક બનાવે છે રંકને રાય બનાવે છે. એક દિવસ તેણે મને સુખની ટોચ ઉપર મુકી દીધો. આજ મને દુઃખની ખીણમાં ફેંકી દીધો છે. પ્રભુ! પ્રભુ! આ દુઃખ હવે નથી સહ્યું જાતું." તે રડવા મંડયો.

"આપ આમ રડો મા! આમ રડવાથી તે દુઃખ ઓછું થવાનું છે? અમને તમારી વાત કરો, આપને એટલું બધું શું દુઃખ

છે તે જણાવો. દુઃખની વાત બીજાને કહેવાથી દુઃખી માણસનું દુઃખ હલકું પડે છે, એ આપ નથી જાણતા ? અને અહિંથી કેટલેક દૂર પેલું તળાવ તેની જાદુઇ રંગીન માછલીઓ, જાદુઇ રૂપસુન્દરી સાથે તમારી વાતને કાંઇ સંબંધ છે કે નહિ તે પણ જણાવો.

"ભાઇ ! મારૂં દુઃખ દુનિયામાં કોઇથી કાપ્યું જાય તેમ નથી. આ દુઃખ માટે મેં લોહીનાં આંસુ વરસાવ્યાં છે. હવે તો મારી આંખમાંથી આંસુય નથી પડતાં મારા જેવું દુઃખ આખી દુનિયામાં કોઇને નહિં હોય-લ્યો જુઓ !" આમ કહી તેણે પોતાનો અંગરખો ઉંચો કરી પોતાનું શરીર અજયને બતાવ્યું. શરીરનો કમ્મરથી ઉપરનો ભાગ માણુસ જેવો હતો, કમરની નીચેનો ભાગ કાળમીંઢ પત્થરનો બનેલો હતો.

આ દૃશ્ય જોઇને રાજા ચમકયો. તેને આશ્ચર્ય સાથે ખુબ દિલગીરી થઇ.

"મહારાજ ! આપનું દુઃખ જોઇને મને ખરેખર કમકમાટી થાય છે. પ્રભુ આવું દુઃખ બાપના વેરીને પણ ન આપજે. પણ આપને આ દુઃખ કેવી રીતે પડયું તે કૃપા કરીને જણાવો. તે જાણુવા માટે હવે અમે ખૂબ આતુર બન્યા છીએ."

"આપની દિલસોજી માટે હું આપનો ખુબ આભારી છું. તમારી ઇચ્છા હોય તો મારી આત્મકથા કહેવામાં મને કાંઇ વાંધો નથી. આ કથા સાંભળીને તમારી અજાયબીઓનો પાર નહિ રહે. દુનિયાએ આજ સુધીમાં સ્વપ્ને પણ ન ધારેલી આ કથની છે. લ્યો ! નીચે બેસો અને એક ચિત્તે સાંભળો.

પ્રકરણ ૧૫.



અમારાં લગ્ન.

ભાઇ! મારૂં નામ જયમલ્લ. મારા બાપનું નામ વીરસિંહ. મારા બાપ શ્યાયદ્વિયના રાજા હતા. અહિંથી કેટલેક દુર તમે એક તળાવ અને તેની ચારે બાજુએ ચાર ટેકરી છે, એ તો તમે જોયેલ છે. તે ચાર ટેકરીની જગ્યાએ ચાર ગંજાવર ટાપુ હતા અત્યારે તળાવ છે તે મારી ગજ-નગરી હતી. તેમાં માછલાં છે, એ અમારી રૈયત હતી. ત્યાં મારા બાપ રાજ કરતા.

મને સત્તર વરસનો મુકીને મારા બાપ ગુજરી ગયા. રાજની લગામ ગારા હાથમાં આવી. મારા બાપે મને પોતાના હાથ નીચે કેળવેલો હોવાથી, મને રાજ કારભારની બધી માહિતી હતી. અને તેથી પ્રજામાં હું ખૂબ લોકપ્રીય થઇ પડયો.

એક દિવસ એક રજપુત મારી પાસે ખાનગીમાં આવ્યો. તે સાઠ વરસની ઉંમરનો હતો. માંડમાંડ ચાલી શકતો હતો.

" બાપુ ! હું આપની રૈયત છું. પાસેના ગામમાં રહું છું. હવે હું વૃદ્ધ થયો છું. હવે તો કાશીએ જઇને મારૂં જીવન કાશીપતિત સેવામાં વિતાવવા ધારૂં છું. પરંતુ સોળ વરસની ઉમરની મારી એકની એક પુત્રી છે. તેને પરણાવીને જાઉં એવી મારી ઇચ્છા છે."

" તો ભલે ! આપને લગ્ન જેટલું ખરચ આપીશ. તમારી દિકરીને કોઇ સુપાત્ર શોધીને પરણાવી દો." મેં જવાબ આપ્યો.

" હું તો એક બીજી જ યાચના કરવા આવ્યો છું. તમે હજુ સુધી કુવારા છો. તો મારી પુત્રીને સ્વીકારીને મારૂં જીવન ધન્ય કરો. મારી પુત્રી રૂપ રૂપનો અવતાર છે. પિતાએ પુત્રીના રૂપનાં વખાણ કરવા ઠીક નજ કહેવાય. તમે તેને એકવાર જુઓ. તમે ચોક્કસ તેની સાથે લગ્ન કરવા સંમતિ આપશો."

" ભલે ! આપની પુત્રીને આપ કહો ત્યારે જોવા આવું." મેં કહ્યું.

" જો કાંઇ વાંધો ન હોય તો અત્યારેજ ચાલો ને ?" તેણે વિનતી કરી.

" હું તેની સાથે તે વખતે જ ધર્મશાળામાં ગયો. તેની જુદી ઓરડીમાં બેઠો.

" રતી બ્હેન ! દિકરા ! પાણી લાવ જોઇએ ! આપણા ધણીએ આજ આપણી ઓરડી પાવન કરી છે." ડોસાએ બુમ પાડી.

તરતજ નૂપૂરનો ઝણકાર સંભળાયો. એક અતુલ રૂપવતી સુન્દરી પાણીનો કળશો ભરીને આવી. તેનું રૂપ જોઇને હું દિવાનો

થઇ ગયો. સારામાં સારો કવિ પણ તેના રૂપનું વર્ણન ન કરી શકે. મેં ડોસાને હા પાડી.

ખુબ ધામધુમથી અમારાં લગ્ન થયાં. પ્રજાનાં હૃદય પણ આનંદથી ડોલવા લાગ્યાં. અને મારા આનંદનો તો પાર ન્હોતો રહ્યો આવી ત્રિભુવન સુન્દરીને હું પરણી શકીશ એવો મને સ્વપ્ને ય ખ્યાલ ન્હોતો. રતી સુન્દરી ખરેખર રતીનો અવતાર હતી.

લગ્ન થઇ રહ્યાં. અમારા મેળાપની પ્હેલી રાત આવી પહોંચી. મારા હૃદયમાં આનંદનો સાગર ડોલવા લાગ્યો.



પ્રકરણ ૧૬

લગ્ન પછી પ્હેલી રાત.

તે દિવસે મેં તેને ત્યાં મોકલેલ ખાસ શણગાર અને કપડાં પ્હેરીને તે આવી. અત્તર અને સેન્ટનો તેણે ખુબ ઉપયોગ કર્યો હતો. અત્તર અને ગુલાબજળથી નાહવાની મેં સુચના મોકલી હતી, અને તેને માટે હજારો રૂપીયાનું અત્તર અને ગુલાબજળ મોકલ્યું હતું. મારા શયન-ગૃહમાં તે દાખલ થઇ. આખો ઓરડો ધમધમી ઉઠયો.

હું પલંગ ઉપરથી ઉભો થયો. તેની સામે ગયો. તેનો હાથ ઝાલ્યો, અને પલંગ પર લઇ આવ્યો તેને પલંગ ઉપર બેસાડી.

તેની સાથે મેં સંપુર્ણ સુખનો અનુભવ કર્યો લગ્નની પ્હેલી રાતે કોઇ સ્ત્રી પોતાના પતિને આ સુખનો એક હજારમો ભાગ પણ ન આપી શકે.

હું તેના ઉપર ખુશ રહેવા મંડયો. તેને કામશાસ્ત્રના ચોર્યાસી આસનો આવડતાં. તે તેણે મને શીખવ્યાં અને મારા સંસારમાં સ્વર્ગ ઉભું કરવા લાગી.

રતીસુન્દરી મારા તરફ બેહદ પ્રેમ બતાવતી. મને ખૂશ રાખવા માટે સેંકડો પ્રયાસ કરતી. મારો આખા દિવસનો થાક અને ચિંતા તે પાંચ મીનીટના સહવાસમાં ભુલાવી દેતી. મારૂં ગૃહ મારી આરામગાહ બન્યું હતું. મહેલમાં જાઉં એટલે હું ગમે તેટલી મોટી ચિંતાઓ ભુલી જાઉં, અને અપુર્વ આનંદ મારી રગેરગમાં ફેલાઈ જાય.

મને લાગવા મંડયું કે મારા જેવો સુખી માણસ આખી સૃષ્ટિમાં નથી. આવી આદર્શ પત્નિ આખી સૃષ્ટિમાં કોઇને ત્યા નહિ હોય. તે કાર્યમાં પ્રધાનની ગરજ સારતી, ગમે તે વિષયમાં સરસ સલાહ આપી શકતી, કામ કરવામાં દાસી જેવી હતી, મારે માટે ગમે તે જાતનું હલકું કામ કરતાં શરમાતી નહિ; ભોજન વખતે માતાની ગરજ સારતી. એક માતા પોતાના બાળકને જમાડે તેમ ખૂબ આગ્રહ કરીને પ્રેમથી જમાડતી, અને શયનમાં–રતીકેલીમાં સાક્ષાત રંભા અને ઉર્વશીનો અવતાર હતી.

પરંતુ થોડા મહીના પછી મને લાગવા માંડયું કે તેનો મારા ઉપર બરાબર પ્રેમ નથી. 'મારા ઉપર પ્રેમ છે.' એવો બનાવટી દેખાવ કરવા તે ખુબ પ્રયાસ કરતી હોય, એમ લાગ્યું. પણ મેં તરતજ મારા મનને ઠપકો આપ્યો, "હું ખરેખર બેવકુફ છું. તે મારે માટે મરી ફીટે છે છતાં હું ખોટી શંકાઓ લાવું છું."

એક રાતે ચાર વાગે મારી આંખ ખુલી ગઇ. ઘણું ખરૂં છ વાગ્યા પ્હેલાં મારી આંખ ભાગ્યેજ ખુલતી

મારી પડખે નજર નાખતાં રતીસુંદરી ત્યાં ન્હોતી. પ્હેલાં મને થયું, "અત્યારે કયાં ગઇ હશે ?" પણ તરતજ મન વાળ્યું

કે " દિશાએ ગઇ હશે." થોડી વાર પછી મારી આંખ પાછી મળી ગઇ. કલાક બે પછી મારી ઉંઘ ઉડી ગઇ. રતીસુંદરી મારી પડખે સુતેલી ઘસઘસાટ ઉંઘતી માલમ પડી. ઉઠતી વખતે મેં તેને પુછ્યું, " આજ ચાર વાગે કયાં ગઇ હતી ? દિશાએ ?" તેના મોઢા પર આ વાત સાંભળતાં ચિંતાનું વાદળ છવાયું. એક ક્ષણમાં વાદળ વીખરાયું અને હસીને જવાબ આપ્યો ' હા. '

મને હજુ સુધી મારી સ્ત્રીના ગેરવર્તન માટે જરા પણ શક ન્હોતો. સ્હેજ શંકા આવતી કે તરતજ તે રતીના પ્રેમાળ વર્તનથી ચાલી જતી. હું ઉલટો મને પોતાને ઠપકો આપવા લાગતો. મને લાગતું કે, ' હું વ્હેમી છું. મારી સતી સ્ત્રી માટે જરા પણ શંકા લાવવામાં પાપ છે ઘોર પાપ છે.' એમ મને થવા લાગ્યું. અને મારી સ્ત્રી ઉપર મારો પ્યાર વધુને વધુ જામવા લાગ્યો.



પ્રકરણ ૧૭

“ શંડ રતીસુંદરી ક્યાંયને ક્યાંય ભટકવા જાય છે.”

એક દિવસ રતીસુંદરી જરૂરી કામે બ્હાર ગઇ હતી. હું ખૂબ ગરમી હોવાથી સોફા પર ઉંઘી ગયો હતો. દાસીઓ મને પંખો નાખતી હતી. હું ઉંઘી ગયો છું, એમ લાગતાં બંને દાસીઓ મારો ઓરડો છોડીને બ્હાર જઇને બેઠી, અને વાતો કરવા લાગી તેમના અવાજથી મારી ઉંઘ ઉડી ગઇ, અને તેની વાતો સાંભળવા લાગ્યો.

“ આ રાજા કેટલો બધો સારો માણસ છે. કેવો ભલો અને માયાળુ છે. રૂપમાં પણ કામદેવને લજાવે તેવો છે, ડાહ્યો છે, સમજુ છે, છતાં શંડ રતીસુંદરી ક્યાંયને કાંય ભટકવા જાય છે. મીષ્ટાન મુકીને ટુકડા ભીખવા જાય છે.” એક દાસી બોલી.

“ તું કહે છે શું ? ખરેખર ? સાચું બોલે છે.” બીજી દાસીએ આશ્ચર્ય બતાવ્યું.

" તને ત્યારે ખબર નથી ? મ્હેલમાં તે વાત બધી દાસીઓ જાણે છે. જા ! જા ! "

" મારા સમ ! મને તે જરાય ખબર નથી. કહે તો ખરી. છે શું ? "

" એ રાંડ રાતે બાર વાગ્યે રોજ ક્યાંક ચાલી જાય છે, અને ચારસાડાચારે પાછી આવતી રહે છે. "

" રોજ રોજ જાય અને રાજાને ખબર ન પડે એ કાંઇ બનવા જોગ છે ? હું તો આ વાત નથી માની શકતી. "

" ન માનવું હોય તો કાંઇ નહિ. રાતે સુતી વખતે રાંડ રાજાના પાણીના પ્યાલામાં કાંઇક કેફી દવા નાખે છે. તેથી રાજા પાંચ વાગ્યા પ્હેલાં જાગી શકતોજ નથી. અને બાઇ સાહેબ બ્હાર ફરી આવે છે. આવા કામદેવ જેવા રાજાને મુકીને તેને પરપુરૂષ પાસે જવું કેમ ગમતું હશે ? ખરેખર રાંડનું મોં બાળી નાખવું જોઇએ. રાંડ કોઈ કજાતની દિકરી લાગે છે. "

" તું ધીમે બોલ ! કોઇ સાંભળી જશે તો આપણા બાર વાગી જશે. રાણી કજાતની દિકરી છે એ તો હું પણ જાણું છું. એ તો પેલી રધી ખવાસણીની છોકરી વિધવા થયા પછી તે કોઇ મકરાણી સાથે ચાલતી. રધીને ગર્ભ રહ્યો. આ છોકરી થઇ એટલે પેલા વૃદ્ધ રજપુતને ઘેર છાનીમાની મુકી આવી. વૃદ્ધ રજપુતને કોઇ છોકરૂં ન્હોતું. તેણે પોતાની છોકરી ગણીને પાળી અને પોષી. પણ કાંઇ મા અને બાપના ગુણ જાય ? પણ હવે આપણે રાજા સાહેબને ચેતવી દઇએ તો ? "

" ના બાઇ ! આપણે કમોતે નથી મરવું. રાજા તો રાંડ પાછળ આધળો છે. તે વાત કદિ સાચી ન માને. અને આપણને કમોતે મરવાનો દિવસ આવે.

આ વાત સાંભળીને હું ચમક્યો. રતી પેલી રથી ખવાસણની છોકરી. રથી ખવાસણ એટલે પ્હેલા નંબરની બજારૂ વેશ્યા જોઇ લો. આગલા બનાવોએ મારી શંકાને જોર આપ્યું. મને લાગ્યું કે રતી ખરેખર વ્યભિચારીણી છે. રતીનું મોઢું પણ રથીને સ્હેજ મળતું આવે છે. એમ હવે મને લાગવા માડ્યું. મારૂં મન મનાવવા પણ મેં ખુબ મહેનત લીધી. પણ મન ન માન્યુ. હવે તો મને તેના નામ ઉપરજ મને અણગમો આવવા લાગ્યો. તેના તરફ મને તિરસ્કાર પેદા થયો.

રાતે તે રૂમઝુમ કરતી મારી પાસે આવી. પ્રેમની ખુબ વાતો કરી. મને તેના તરફ ખુબ તિરસ્કાર આવ્યો હોવા છતા, તે તિરસ્કાર મહા મહેનતે મેં છુપાવી રાખ્યો. તેની સાથે ખુબ વાતો કર્યાં પછી મેં કહ્યું. " મને ખુબ તરસ લાગી છે વ્હાલી!"

વાકય પુરૂં થયું તે પહેલા તો 'આ લાવી' એમ કહીને તે દોડી. થોડીવારમાં સોનાની ઝારી લઇ આવી અને મારી સામે મુકી. મેં ઝારી મોઢે અડાડી અને તરતજ બુમ પાડી, "રે ! દિવાનખાનામાં હું તીજોરીની ચાવી ભુલી ગયો. લઇ આવીશ ? "

રતી તે લેવાને દોડી. મેં પાણી પીધા વીના ફેંકી દીધું. દિવાનખાનામાં મેં આ પ્રસંગ માટે ખાસ ચાવી મુકી હતી. રતી તે લઇ આવી.

" આજ તો ઉંઘ આવે છે. ચાલો સુઇ જઇએ." મેં કહ્યું અમે બન્ને સુતાં. પછી થોડી વારમાં જ મેં ઘસઘસાટ ઉંઘવાનો ડોળ કર્યો.

રતીને લાગ્યું કે હું ઉંઘી ગયો છું. તે તરતજ પલંગ ઉપરથી ઉતરી ગઈ. હું ઝીણી આંખો કરીને તેની બધી હિલચાલ તપાસવા લાગ્યો.

તેણે પોતાનો કબાટ ઉઘાડયો. સરસમાં સરસ કપડાં અને સરસમાં સરસ ઘરેણાં કાઢયાં. ટાપટીપ કરીને તે પહેર્યાં. કપડાં પહેરીને મારી પાસે આવી. હું ઉંઘી ગયો છું તેની ખાત્રી કરી.

" ભગવાન આ બાયલાને ટુંકો કરી નાખ તો હું સુખી થાઉં આની બ્હીકે મારે કેટલી સાવચેતી રાખવી પડે છે." એમ કહી મારા તરફ ધિક્કારની દૃષ્ટિ તેણે ફેંકી અને ચાલી ગઇ.

હું પલંગ પરથી ઉભો થયો. મારી તલવાર હાથમાં લીધી અને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો.



પ્રકરણુ ૧૮ મુ.

રાક્ષસોની રતિક્રિડા.

હું પાછળ ચાલ્યો. તે મહેલના દરવાજા હાથેથી ન્હોતી ઉઘાડતી. દરવાજા પાસે ઉભી રહીને કોઇ મંત્ર બોલતી એટલે ધીમેથી દરવાજા ઉઘડી જતા. બહાર નીકળીને ઉભા રહ્યા વિના આગળ ચાલતાં ચાલતાં એક શબ્દ બોલતી એટલે દરવાજા બંધ થઇ જતા. મને ખુબ નવાઇ લાગી. હું સાવચેતીથી તેની પાછળ ચાલવા લાગ્યો.

મહેલમાંથી નીકળીને અમે પાછળના ભાગમાં ગયા. ત્યાં નિર્જન જેવું હતું. જરા દુર જતાં એક બાવાની ઝુંપડી આવી. રતી તેમાં દાખલ થઇ.

હું ઝુંપડીના પાછળના ભાગમાં ગયો ત્યાં ન્હાનકડી બારી હતી ત્યાંથી બધું જોઇ શકાતું હતું.

ઝુંપડીમાં એક અલમસ્ત બાવો એક ગંધાતી ફાટેલ ગોદડી પર બેઠો બેઠો ભુંગળી પીતો હતો, છેલ્લા કેટલાય વરસથી તે નાહ્યો

નહિ હોય. તેના શરીરમાંથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવતી હતી. ક્રોધથી તે લાલચોળ થઇ ગયો હતો.

રતી ગભરાતી ગભરાતી ઝુંપડીમાં દાખલ થઇ.

"રંડી! કયું મોડી આઇ?" તે તહુકયો.

રતી ધ્રુજવા મંડી.

"વ્હાલા! પ્રાણપ્યારા! આમાં મારો જરાય વાંક નથી. મારો ધણી સુઇ જાય ત્યારેજ મારાથી આવી શકાય. તારા માટે મારો જીવ કેટલો વલખે છે, એ તો મારૂં મન જાણે છે. તું હુકમ આપે તો મારા ધણીના ટૂકડેટૂકડા કરી નાખું. પણ મને તેની દયા આવે છે. પણ ત્હારી ખાતર હું ગમે તે કરવા તૈયાર છું. આપણા છેલ્લા પાંચ વરસના સંબંધમાં એક રાત પણ હું ન આવી હોઉં એવું બન્યું છે."

"રંડી! વધુ મત બોલ! પ્હેલાં તું ખુબ વ્હેલી આવતી હતી. આખી રાત લ્હેર કરાવતી, અને હવે તો આટલી બધી મોડી આવે છે અને વ્હેલી વ્હેલી ચાલી જાય છે, એમ નહિ ચાલે. ગરજ હોય તો વ્હેલી આવતી જજે. નહિ તો તારા જેવી રંડી સતરસોને સાઠ મળી રહેશે. મારા જેવા મર્દ પાસે આવવા કોણ તૈયાર ન થાય?" આમ કહી તે ગાળો આપવા લાગ્યો.

રતીસુંદરીએ તેનો ક્રોધ શાંત કરી તેને ખુશ કરવા પોતાનાં બધાં કપડાં ઉતારી નાખ્યાં, અને વહાલના અને પ્રેમના શબ્દો બોલતી બાવાને ભેટી પડી.

"હરામજાદી! તને ફોસલાવતાં સરસ આવડે છે. એમ નહિ ચાલે."

તેણે રતીસુન્દરીને દૂર ખસેડી. ખુણામાં પડેલ ચાબખો હાથમાં લીધો. સડસડાટ કરતો એક ચાબખો તેના નગ્ન દેહને માર્યો. રતીની રાડ ફાટી ગઇ.

"મને માફ કર! હું પ્હેલાં વ્હેલી આવતી કારણ કે હું સ્વતંત્ર હતી. હવે તો પરણી છું, તેથી મોડું થાય છે." તેણે રડતાં રડતાં કહ્યું.

"કમજાત!" કહીને બાવાએ તેને બાથમાં લીધી. નીચે જમીન ઉપર પછાડી. અને પોતાની વિષયવાસના તૃપ્ત કરવા તેની સાથે શ્વાન ચેષ્ટા કરવા લાગ્યો.

બાવો અજબ અલમસ્ત હતો. ભાંગ અને ગાંજો પીને ગાંડો બન્યો હતો. તેના ભારથી રતીસુંદરી ચગદાઇ જતી હતી, અને જોરથી સીસકારા અને ઉંકારા કરતી હતી. આટલા દુઃખ છતાંય રતીસુંદરીના મોઢા પર અપૂર્વ આનંદ જણાઇ આવતો હતો.

બાવો તો એક પશુથી પણ ખરાબ કર્મ કરતો હતો.

અરધા કલાકે તેણે પોતાનું નીચ કર્મ પતાવ્યું. રતીસુંદરી કાર્ય થઇ રહ્યા પછી દશ મીનીટ આનંદમાં મસ્ત પડી રહી. પછી પાણીથી પોતાના શરીરના ભાગો અને ગાલ ધોઇ નાખ્યા. ત્યાં ઝુંપડીમાં પોતે રાખેલ દવાની શીશી લઇ, તેમાંની દવા આ બધા ભાગમાં ચોપડી દીધી, અને બાવાને આલિંગન આપીને તેની ગંધાતી ગોદડીમાં તેની સાથે સુઇ ગઇ. બાવાના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં છતાં તે આનંદથી બાવાને ચુમ્બનો આપતી હતી.

આ દેખાવ જોઇ મારી આંખમાંથી લોહી વરસવા લાગ્યું. મારી પરણીત સ્ત્રીની આ સ્થિતિ? એ એ દારૂડાના બાવાને મારી

અર્ધાંગના પોતાનો દેહ આપે ? બંનેનાં ખૂન કરવા મેં નિશ્ચય કર્યો.

ધીમેથી મેં ઝુંપડીમાં પ્રવેશ કર્યો. બંને ઘસઘસાટ ઉંઘતા હતાં. રતીના મોઢા પર સ્મીત દેખાતું હતું. જેની સાથે ઉભા રહેતાં પણ મહાદુઃખ થાય તેવા કુતરા સાથે સમાગમ કરવામાં આવી અપૂર્વ સુંદર સ્ત્રીને કેમ આનંદ આવતો હશે ? વિધાતા ! તારી લીલા અજબ છે.

પ્હેલાં મેં બંનેનાં ખુન કરવાનો નિશ્ચય કરેલો પણ રતીને જોતાં મને તેનું ખુન કરવા મન ન થયું. સ્ત્રી હત્યા મોટું પાપ છે, એમ મને લાગ્યું. તેથી બાવા પર તલવારથી એક ઝાટકો માર્યો, અને ઝડપથી બ્હાર ચાલ્યો આવ્યો.

આકાશમાં ચાંદની ખીલી હતી. ચંદ્રિકા પોતાના રૂપેરી કિરણોની ચાદર જગત પર બિછાવતી હતી. પ્રેમીઓને સ્વર્ગસમ દેખાવ હતો. પણ હાય ! મારા ઉરમાં જ્વાળામુખી સળગતો હતો. તેમાં ન સહન થઇ શકે એવો અગ્નિ પ્રકટયો હતો. મારી રતી વ્યભિચારીણી ? એ ખ્યાલ આવતા મારાં રોમાંચ ખડાં થવા લાગ્યાં.

રસ્તામાં વાવ આવી. તેમાં ઉતરીને મારી લોહીવાળી તલવાર ધોઇ નાખી. મારા હાથ અને મોઢા પર ઉડેલા લોહીના છાંટા ધોઇ નાખ્યા. મારા માથામાં તો ઘન વાગતાહતા. તેને ટંડક આપવા માથું પાણીમાં ઝબોળ્યું, પણ આ ટંડુ પાણી મારા મગજને શાંતિ ન આપી શક્યું.

ઘેર આવીને હું સુઈ ગયો. મને જરાય ઉંઘ ન આવી. બે કલાક પછી તે રાંડ આવી, પોતાનાં કપડાં ઉતારીને મને આલિંગન આપીને સુઇ ગઇ. તેની આંખમાં આંસુ હતાં. તેનું મોં કાળું પડી ગયું હતું. યારના મોતને લીધે તે ખુબ દિલગીર થઇ હોય એમ લાગ્યું.

પ્રકરણ ૧૯ મુ

સ્ત્રી ચરિત્ર.

તે સવારે મેં તેની સાથે કાંઇ વાત ન કરી. હું નિયમ પ્રમાણે રાજસભામાં ગયો. સાંજે બધાં કામ પતાવી ઘેર પાછો આવ્યો.

ઘેર આવીને જોતાં માલુમ પડયું કે રતી શોકમાં નિમગ્ન થઇને બેઠી હતી. કાળી સાડી પહેરી હતી. ઘરેણાં કાઢી નાખ્યા હતાં. ચોટલો ગુંથ્યો ન હતો. માથા પરના વાળ આમ તેમ ઉડતા થોડા વાળ આંખો પર પડેલા હતા. તેમાંના કેટલાક વાળ તેણે તોડી નાખ્યા હોય, એમ લાગતું હતું. આંખો રોઇ રોઇને સુજી ગયેલી હતી.

"વ્હાલી!" મેં તેને કહ્યું. વ્હાલી કહેતાં તો મારો જીવ નિકળી જતો હતો. આજ તો મહા મહેનતે આ શબ્દોબોલી શકયો, "આમ કેમ પડી છે? શોકનો પોષાક શા માટે પહેર્યો છે? તારી આંખો પણ સુજેલી છે. આ બધું છે શું?"

"પ્રાણનાથ મારો આ વેશ જોઇ, આપને ખુબ નવાઇ લાગી હશે. પરંતુ ખરૂં કારણ જાણતા આપને પણ શોક થશે. આજ કાશીથી એક કાસદ આવ્યો હતો. તેણે સમાચાર આપ્યા કે મારા બાપ ગુજરી ગયા છે. મારા વ્હાલાબાપના મોતના સમાચાર સાંભળી મને કાંઇ ને કાંઇ થઇ જાય છે." આમ બોલી તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. તેની આંખોમાંથી આંસુની ધાર પડવા લાગી.

તેના બાપના (!) મરણના આ સમાચાર સાંભળી મેં પણ દિલગીર દેખાવાનો ઢોંગ કર્યો તેને ખુબ આશ્વાસન આપીને છાની રાખી. મારે તેનો ત્યાગ કેવી રીતે કરવો તેના વિચારમાં હું પડ્યો.



પ્રકરણ ૨૦ મુ.

સુંદરી કે સાપણ ?

તે દિવસે હું વ્હેલો સુઇ ગયો. મને હજુ ઉંઘ ન્હોતી આવી, ત્યાં તો રતી તેના આ શોકના જ વેશમાં પલંગ પરથી ઉઠીને બહાર જવા મંડી. તે કયાં જતી હશે તે જાણવા હું પાછળ પડયો. 'કોઇ નવો યાર તો નહિ શોધ્યો હોય ?' મને વિચાર આવ્યો. પણ નવા યાર પાસે આવા ખરાબ વેશમાં શા માટે જાય ?

ચાલતાં ચાલતાં અમે ઝુંપડી પાસે પહોંચ્યા. હું આગલે દિવસે ઉભો હતો, તે જ જગ્યાએ ઉભો રહ્યો. જરા અજાયબી સાથે મને માલુમ પડયું કે બાવો મરી ન્હોતો ગયો. સખ્ત ઘાયલ થયો હતો. કદાચ રતીએ પોતાના મંત્રને બળે તેનો જીવ જતાં અટકાવ્યો હોય. અત્યારે તો બાવો જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. તેનામાં બોલવાની કે શરીર ફેરવવાની પણ શકિત ન્હોતી.

રતીએ તેને પાટાપીંડી બાંધ્યા. તેનું માથું પોતાના ખોળામાં લીધું. તેને બોલાવવા ખૂબ પ્રયાસ કર્યો. પણ તે ન બોલી શકયો. પછી રાંડ ચોધાર આંસુ પાડી વિલાપ કરવા લાગી. 'મારા વ્હાલાની

આ સ્થિતિ કરનારને ત્રાહી ત્રાહી પોકરાવીશ.' તેણે પ્રતિજ્ઞા લીધી. હું તરતજ ઘેર ચાલ્યો આવ્યો.

મારા આવ્યા પછી કેટલીક વારે તે પાછી આવી. હું તલવાર લઇને ઉભો થયો અને તડુકીને બોલ્યો.

"રાંડ ! કુલટા ! અત્યારે તારા કયા બાપ પાસે ગઇ'તી. ગઇ કાલે મેં તારૂં પણ ખુન કરવા નિશ્ચય કરેલ. પણ મને દયા આવી. પણ મોત સિવાય તારે માટે કાંઇ ઉપાય નથી." આમ કહીને મેં તેના ઉપર તલવારનો છુટો ઘા કર્યો. તે તરતજ ચપળતાથી ખસી ગઈ, અને ઘા ચુકાવી દીધો.

"બાયલા ! તું જ મારા આ દુઃખનું કારણ છે. તારૂં હવે આવી બન્યું છે. મારા વ્હાલાને મારનાર પર વેર લેવા મેં પ્રતિજ્ઞા લીધી છે. મારા સહવાસથી તેને કેટલો આનંદ અને કેટલું સુખ મળતું ? કૃતઘ્ની ! તેનો બદલો તેં મારા પર ચોકી રાખવામાં અને મારા વ્હાલાને મારવામાં આપ્યો ને ? ધીટકાર છે તને." આમ કહી તેણે મારા ઉપર મંત્રેલા દાણા નાખ્યા અને શાપ આપ્યો. "મારી મંત્ર વિદ્યાના પ્રભાવથી, હું તને આજ્ઞા કરૂં છું કે આ ક્ષણેજ તું અરધો પાષાણ અને અરધો માનવ દેહધારી બની જા." તે જ ક્ષણે મારી આ સ્થિતિ થઇ ગઇ.

અમારી રકઝકથી મ્હેલના નોકર ચાકરો ત્યાં દોડી આવ્યા. મારી આ સ્થિતિ જોઇને શહેરમાં દરેક જગ્યાએ આ સમાચાર ફેલાવી દીધા. આખી પ્રજા ઉશ્કેરાઇ ગઇ. રાંડને સખ્ત સજા કરવા બધી પ્રજા મારા મ્હેલ પર આવી પહોંચી.

શહેરના લોકો પોતાને સજા કરવા આવે છે, એ ખબર પડતાં તેના ક્રોધનો પાર ન રહ્યો. પોતાના મંત્ર પ્રભાવથી આખા શહેર અને આખા રાજનો નાશ કર્યો. મારા રાજ્યનું ન્હાનું જંગલ બનાવી દીધું મારા પાટનગરને જંગલની વચમાં ન્હાનકડું તળાવ કરી નાખ્યું. ચાર મોટા ટાપુઓને ન્હાનકડી ટેકરીઓનાં ફેરવી નાખી, અને બધી પ્રજાને તળાવમાંના માછલાં બનાવી દીધાં. તે તળાવ, માછલાં, અરણ્ય, અને ટેકરીઓ તમે જોયેલ છે માછલાં ચાર રંગનાં છે. તે ચાર વર્ણના-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર લોકો છે અને રાંડ મને અહિં જમીન નીચે કિલ્લામાં લઇ આવી.

હજુ મારા દુ:ખનો અંત નથી. રાંડ દરરોજ સ્હવારે મારી પાસે આવે છે. મારૂં શરીર ઉઘાડું કરે છે. અને મીણ પાયેલા દોરડાના સો ફટકા જોરથી લગાવે છે. તે મને કહે છે કે “તારા કાળાં કામને પ્રતાપે મારો યાર હજુ સાજો નથી થયો. જ્યાં સુધી તે સાજો નહિ થાય, ત્યાં સુધી દરરોજ આમ શિક્ષા કરવાની.”

શ્યામદ્વીપના તરૂણ રાજાએ પોતાની આત્મકથા પુરી કરી. તેની આંખોમાંથી આંસુની ધાર વરસવા લાગી. “હે પ્રભુ! આ દુ:ખ હવે સહન નથી થતું.” તેણે ચીસ પાડી, અને બેભાન થઇને પડ્યો.

પ્રકરણ ૨૧ મું.

અજયની અજબ યુક્તિ.

"આ દુઃખમાંથી તેમને બચાવવાની એક યુક્તિ તો મને સુઝી છે. પણ તે રાંડનો યાર કયા ઓરડામાં પડ્યો છે તે તો મને કહો ? રાંડ તે ઓરડામાં કેટલા કલાક બેસી રહે છે એ તમે જાણો છો ? " અજયે શ્યામદ્વીપના રાજાને ભાન આવ્યા પછી પુછ્યું.

"પેલા સામેના ઓરડામાં તે પડ્યો છે. રાંડ આખો દિવસ અને રાત તેની ચાકરી કરતી અને આસુ સારતી પડી રહે છે. ફકત સવારે સાત વાગ્યે એક કલાક મારી પાસે આવે છે, અને મને ફટકા મારે છે, અને કહે છે કે મારો યાર હજુ સાજો નથી થયો. પણ તમે મને કેવી રીતે બચાવશો એ સમજી શકાતું નથી. " શ્યામદ્વીપના જયમલ્લને કાંઇક આશા આવી હોય એમ લાગ્યું.

"એ તો મારું કામ છે. કાલને કાલ તમને અગાઉની સ્થિતિએ મુકી દેવાની પ્રતિજ્ઞા લઉં છું. પણ એક શરત છે. કેટલાક હરામખોરોને

બગાડતાં આવડે છે, સુધારતાં નથી આવડતું. આ રાંડને બગાડતાં આવડયું છે, હવે સુધારતાં આવડતું હશે તો સરસ યુકિતથી તમારૂ આખું રાજ્ય જેવું હતું તેવું કરાવી લઇશ. પણ સુધારવાની તેનામાં શકિત નહિ હોય તો લાચાર. તો પણ હું બનતું કરીશ. તેના ત્રાસમાથી તમને ચોક્કસ બચાવીશ તેનું ખુન કરીશ અને તમને મારે ત્યાં લઇ જઇને, બની શકે તેટલુ સુખ આપવા યત્ન કરીશ."

"ત્યારે તમે હવે આ કિલ્લામાં સંતાઇ જાઓ. રાંડ તમને દેખી જશે તો હેરાન કરશે." જયમલ્લે કહ્યું. તેનું મોઢું આનંદથી પ્રફુલ્લિત થયું હતું.

અજય અને જેસંગને પણ આ સલાહ યોગ્ય લાગી. બગીચામાં એક ખુણામાં જઇ તેઓ બેસી ગયા. ફળફુલ તોડીને ખાધાં. રાત પડી તેઓ સુઇ ગયા.

અજય અને જેસંગ છ વાગે ઉઠયા. અજયે જેસંગ સાથે કેટલીક મસલત કરી. સાત વાગે તેઓ જયમલ્લે બતાવેલ રાંડના યારના ઓરડાની પાછળ સંતાઇને બારીમાંથી ઓરડો જોવા લાગ્યા.

ઓરડો બાદશાહી દમામથી શણગારેલો હતો. ત્યા સેંકડો અત્તરના દિવાઓ સળગતા હતા. બધે સુગંધ સુગંધ થઇ રહી હતી. એક બાદશાહી પલંગ ઉપર પેલો માદો બાવો સુતેલો હતો. તેનું માથું ખોળામાં લઇને રતી આંસુ પાડતી હતી, તેને ચુમ્બને લેતી હતી. પેલી જાદુઇ રૂપસુંદરી તે આ પોતેજ એવી બન્નેને ખાત્રી થઇ. આવી અદ્ભુત રૂપસુંદરી આવા કાળમુખા બાવા સારૂ શા માટે મરી ફીટતી હશે ? ખરેખર ઇશ્ક કોઇ અજબ ચીજ છે. શામળભટે સાચુંજ કહ્યું છે કેઃ—

છપ્પો

પંડિત કેરી નાર, તેહ મુરખ શું માણે,
કુળવંતાની કામ, તેહ પામર પરમાણે;
જશવંતાની જુવતી, વાણોતર સાથ વળુંધે
નરપંત કેરી નાર, ગુલામ ગોલા શું ગંધે
વળી શુરા કેરી સુંદરી, કાયર શું કાયા દીએ
શામળ કહે સ્વભાવ સ્યામા તણો, બુદ્ધહીણી તે કયમ બીએ?

થોડી વારે રતી પલંગ પરથી ઉભી થઈ. તેની આંખમાં ક્રોધ દેખાયો. એક ખુણામાં પડેલો ચાબખો ઉપાડયો અને ઓરડા બહાર નિકળી. સામેના જયમલ્લના ઓરડા તરફ તે ગઇ.

આ તકનો લાભ લઇને બન્ને આ ઓરડામાં ઘુસ્યા. બાવાને મારી નાખ્યો. અને બન્નેએ તેના શબને ઉપાડીને પાસેના કુવામાં ફેંકી દીધું.

પછી અજયની સુચના મુજબ જેસંગ તે પલંગમાં માથા સુધી ગોદડું ઓઢીને સુઇ ગયો. અજય અગાઉની જગ્યાએ, ઓરડીની પાછળ ઉભો રહ્યો, અને જે થાય તે બારીકીથી જોવા લાગ્યો. જેસંગના હાથમા અજયે એક તિક્ષ્ણ કટાર આપી હતી, એ વાત કહેવી રહી જાય છે.

અજય, રતી જયમલ્લને ફટકા મારી પાછી આવે, તેની રાહ જોવા લાગ્યો.

શું=ને: સાથે: કામ=સ્ત્રી: વળુંધે=વ્યભિચાર કરે: નરપંત=રાજા:

પ્રકરણ ૨૨ મુ

જેવા સાથે તેવા.

બગબર એક કલાકે રતી પાછી આવી. આથી એક કલાક તેણે રાજાને ફટકા માર્યા હશે. કારણ કે તેની ભયાનક ચીસો અહિં સુધી સંભળાતી હતી.

તે આ ઓરડામાં લાલ આંખો કરીને આવી. પલંગ ઉપર બેઠી. અને ચોધાર આંસુ પાડીને રડવા લાગી. " મારા પ્રાણવલ્લભની આ સ્થિતિ ? પાપી જયમલ્લના આ પ્રતાપ ફરી વળ્યા. હું કેટલા આનંદથી સુખચેનમાં હતી. હું આ વ્હાલા સાથે સ્વર્ગસમ (!) સુખ અનુભવતી હતી. પેલા નામર્દે મારૂં આ સુખ ધૂળમાં રગદોળી નાખ્યું. મારૂં જીવન પાયમાલ કરી નાખ્યું. તેને હું બરાબર સજા કરૂં છું પણ તે સજા હજુ ઓછી છે."

" અને વ્હાલા— " તેણે પલંગ પર સુતેલા પોતાના યાર (!) ને સંબોધીને કહ્યું; " તમે હવે કેટલા દિવસ ચુપ રહેશો. તમારૂં એક અમૃત વેણ (!) સાંભળવા આ દાસી કેટલા મહિનાઓથી આતુર

છે ? એક શબ્દ પણ નહિ બોલો ? વ્હાલા ! એકજ શબ્દ ! ફક્ત એકજ શબ્દ બોલો. તમારા અધરામૃતની પ્યાસીને એક વાર ચુમ્બન કરો. ફક્ત એકજ વાર." આમ કહી તે રડવા લાગી.

થોડી વાર પછી યારના વેશમાં પડેલ જેસંગે ઉંઘમાંથી જાગતા થવાનો ડોળ કર્યો. " હે ! પ્રભુ ! માફ કરો. એમ બોલ્યો.

આ શબ્દો સાંભળી રતીમાં હર્ષનો સાગર ઉભરાઇ આવ્યો: " કોણ તમે બોલ્યા ? હું સ્વપ્નામાં તો નથી ને ? ખરેખર તમે બોલ્યા ?"

" રાંડ ચુપ રહે," બાવાના જેવા સુર કાઢી જેસંગ બોલવા લાગ્યો, " તું મારી સાથે બોલવાને લાયક નથી રહી. તારે લીધે પ્રભુ મને રૌરવ નરકમાં મોકલવા તૈયાર થયો છે. હમણાંજ પ્રભુ મારા સ્વપ્નામાં આવ્યા હતા અને મને નરકમાં લઇ જવા ધમકી આપતા હતા."

" પ્રાણનાથ ! એમ કેમ બોલો છો ? હું તમારા માટે કેટલો પ્રેમ રાખું છું ? છતાં મારે માટે નરકમાં જવું પડશે ?"

" હા. તું તારા પરણેલા પતિને ખૂબ દુ:ખ આપે છે. તેના અંતરના શાપને લીધે હું સાજો નથી થતો. નહિ તો ક્યારનો ય સાજો થઇ ગયો હોત. તું તેને ફટકા મારે છે, ત્યારે ઇશ્વર મને ફટકા મારતો હોય એમ લાગે છે."

" પ્રાણનાથ ! આપણો ક્રોધ શાંત કરો. હું હમણાંજ પેલા દુષ્ટને સાજો કરૂં છું." આમ કહી તે ઓરડા બ્હાર ગઇ. જયમલના ઓરડામાં ગઇ, તેની સામે ઉભી રહીને બોલી. " મારા શાપથી તારી આ સ્થિતિ થઇ હોય તો તારૂં સાચું સ્વરૂપ ધારણ કર."

રાજા તરતજ સાજો થઇ ગયો. રતીએ તેને કહ્યું, "હવે અહિંથી એકદમ ચાલ્યો જા ! નહિં તો તને પાછો હેરાન કરીશ." રાજા ત્યાંથી ચાલ્યો ગયો. અને કિલ્લા બ્હાર જઇ, અજય અને જેસંગની રાહ જોઇને બેઠો.

રતી તરતજ તેના યાર પાસે આવી; "વ્હાલા ! મેં તેને સાજો કર્યો છે. હવે બેઠા થાઓ. અને મને આલિંગન આપો."

"હજુ તું આલિંગનને તો શું પણ મારૂં મોંઢું જોવાને લાયક નથી થઇ. તેં મારા શીખવેલા જાદુનો ગેરઉપયોગ કર્યો છે. લાખો માણસો, શહેર અને આખા રાજનો તેં નાશ કર્યો છે. લાખો પ્રાણીઓ માછલીના રૂપમાં નિસાસા નાખે છે. તેથી આખા રાજ્યને અગાઉની સ્થિતિમાં મુકીશ તો જ હું સાજો થઇને તને સ્વર્ગિય સુખ આપીશ."

"વ્હાલા ! તમારી આજ્ઞા ઉઠાવવા આ કિંકરી તૈયાર છે. ત્યારે તમે ખરેખર સાજા થઇ જવાના અને પૂર્વવત સ્વર્ગિય સુખ આપવાનાને ? લ્યો ! ત્યારે આખું રાજ અને પ્રજા જેમ હતાં તેમ કરી આવું" આમ કહી તે ચાલી ગઇ. કોઇ છૂપે દરવાજેથી પૃથ્વી ઉપર પેલા તળાવ પાસે આવી. કાંઇક મંત્ર બોલી. એટલે તળાવ અને જંગલ અદૃશ્ય થઈ ગયાં.

ચાર કલાકે તે પાછી આવી. "વ્હાલા ! આખું રાજ અને પ્રજા જેમ હતાં તેમ કરી દીધાં છે. હવે કૃપા કરીને આ દાસીને પ્રેમદાન આપો. વ્હાલા ! તમારા આલિંગન અને અમૃત જેવા ચુમ્બનો માટે હું અધીરી બની છું."

" જરા વાર છે. આ આખો કિલ્લો આપણા શહેરમાં મુકી દે."

" લ્યો તેમાં કયાં વાર છે." આમ કહી તે કાંઇ મંત્ર બોલી, અને પાંચ મીનીટ પછી કહ્યું " વ્હાલા ! હવે સંતોષ થયો ? કિલ્લો શહેરમાં આવી ગયો છે. હવે વ્હાલા ઉઠો. મને આલિંગનનું સ્વર્ગિય સુખ આપી આનંદસાગરમાં ડુબાડો. આપની સાથે રતીકેલી રમવા હું ખૂબ આતુર બની છું.

" મારામાં સ્હેજ અશક્તિ રહી છે, તેથી મને જરા હાથ ઝાલીને ઉંચો કર, એટલે સ્વર્ગિય સુખનો ઉપભોગ કરાવું." જેસંગ બોલ્યો.

રતી તેને ઉંચો કરવા નીચી નમી, એટલે જેસંગે પોતાની કટાર તેની છાતીમાં ભોંકી દીધી, 'તે દરમ્યાન અજય પણ છૂપાઇને તે ઓરડામાં આવ્યો હતો. તેણે રાંડનું માથું ઉડાડી નાખ્યું.



પ્રકરણ ૨૩ મું

જેસંગ કોણ છે ?

જેસંગ અને અજય બ્હાર નિકળ્યા. તો ત્યાં નિર્જન ન હતું. એક મોટા શહેરમાં આ કિલ્લો આવી ગયો હતો. બ્હાર રાજા પોતાના અમલદારો સાથે પોતાના આ ઉદ્ધારકોનું સ્વાગત કરવા તૈયાર ઉભો હતો. જેસંગ અને અજય તેમને મળ્યા, અને કહ્યું કે "રાંડનો નાશ કર્યો છે." બધા અમલદારો અને રાજાએ તેમના ઉદ્ધારકોનો આંખમાં આંસુ સાથે આભાર માન્યો.

અજય અને જેસંગનું આખા શહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું. પ્રજા સમક્ષ પોતાનો ઉદ્ધાર કરનારને ઓળખાવ્યા. બધી પ્રજાએ તેમને અંતરની આશીષો આપી.

તે દિવસે દરબાર ભરાયો. શરૂઆતમાંજ રાજના માનીતા પંડિતે બંનેને આશિર્વાદ આપ્યો. પંડિત ત્રિકાળજ્ઞાની ગણાતા હતા.

જેસંગને જોઇ પંડિત ચમક્યા. રાજાનું ધ્યાન ખેંચાયું. "પંડિતજી ! કેમ ચમક્યા ?"

" બહુ ખાનગી કારણ છે. આપને ખાનગીમાં કહું ? "

જયમલ્લે હા પાડી. પંડિતે તેના કાનમાં કાંઇક વાત કરી. જયમલ્લ આનંદથી ખુશ થઈ ગયો. " પંડિતજી ! આ વાત આખી પ્રજાને સંભળાવો. "

પંડિતજીએ બધા સાંભળે તેમ વાત કહી. તેનો સાર એ હતો કે જયમલ્લના જન્મ બે વરસ પ્હેલાં રાયમલ્લની માતાની પેટે એક પુત્ર અવતર્યો. પંડિતજીએ તેના ગ્રહ જોયા. માલુમ પડ્યું કે તે પચ્ચીસ વરસની ઉમરનો થાય ત્યાં સુધીમાં જે કોઇ સગું તેનું મોઢું જુવે, તેની આંખો ફુટી જાય. એવા તેના ગ્રહ છે. તેથી તે છોકરાને પેટીમાં નાખીને સમુદ્રમાં વહેતો મુકી દીધો. તે પુત્ર આ જેસંગ પોતે. પંડિતજીએ કહ્યું કે " મારી આ ચોક્કસ ખાત્રી છે, વધુ ખાત્રી માટે અમે તે બાળકના હાથે માદળીયું બાંધ્યું હતું, તે કદાચ સલામત હોશે તો જેસંગ આપણને બતાવશે. "

જેસંગે હાથે બાંધેલું માદળીયું બતાવ્યું. જેસંગે કહ્યું કે ' મારા પિતાએ એકવાર મને કહેલું કે હું તારો ખરો પીતા નથી. હું માછલી પકડવા ગયો હતો; ત્યાં સમુદ્ર કાઠે તારી પેટી મળી હતી. આ માદળીયું સાચવજે. તેને કદી ઉઘાડતો નહિ. "

જેસંગે માદળીયું આપ્યું. પંડિતે તે ઉઘાડયું, તેમાંથી એક કાગળ નિકળ્યો. તેમાં બધી હકીકત લખી હતી.

બધા ખુશ થયા. જયમલ્લના હર્ષનો પાર ન રહ્યો. " મ્હોટા ભાઇ ! તમારે હાથે મારો ઉદ્ધાર થયો તેમાંજ ભાગ્યની કાંઇક ખૂબી છે. " તેણે કહ્યું:

પ્રકરણ ૨૪

ઉપસંહાર

આ પણી વાર્તા હવે પૂરી થાય છે. કેટલીક રહી જતી વાતો ટુંકામાંજ પતાવી દઇએ.

જયમલ્લ આ સંસારથી થાકયો હતો. તેથી મોટાભાઇ જેસંગને રાજ સોંપી પ્રભુભકિત કરવા વિચાર રાખ્યો. પણ જેસંગ રાજકાજનો સાવ અજાણ્યો. તેથી હજુ પાંચ દસ વરસ જયમલ્લે સાથે રહીને જેસંગને રાજકારભારથી માહિત કરવાનું નકકી કર્યું.

જેસંગ રાજા થયા છતાં પોતાની રૂપાળીને ન ભૂલ્યો. બીજો કોઇ હોત તો તે સંબંધે કાંઇ ન બોલત પણ જેસંગે તો કહી દીધું કે મારી સ્ત્રીને લેવા મારે વિલાસપુર જવું પડશે.

પણ વિલાસપુર હવે પાસે નહતું. એતો રતીસુંદરીના જાદુને પ્રતાપે તલાવ વિલાસપુર પાસે આવ્યું હતું. તે જાદુ ખલાસ થતાં

શ્યામદ્વિપ તેની જગ્યાએ આવી ગયું અહિંથી વિલાસપુર જતાં એક મહિનો લાગે તેમ હતું.

જયમલ્લે ખૂબ આગ્રહથી અજયને મ્હેમાન તરીકે રાખ્યો. આઠ દિવસ ખૂબ માન પામીને તે સ્વદેશ જવા ઉપડયો. જેસંગ પણ સાથે હતો. તેમના રક્ષણ માટે એક સો લડવૈયાની ટુકડી આપવામાં આવી

એક મહિને તેઓ વિલાસપુર પહોંચ્યા. પ્રજા અજયની ચિંતામાં ગાંડી બની હતી. રૂપાળી જેસંગના વિરહમા મરણાવસ્થામાં હતી. જેસંગને મળતાંજ તે પાછી સાજી થઇ ગઇ.

રૂપાળીને જેસંગે બધી વાત કરી. પતિ 'રાજા થયા છતાં મારો ત્યાગ નથી કર્યો' એ જાણીને તેની આખમાથી હર્ષ અને આભારના આંસુ સરવા લાગ્યા.

અજય બીજે જ દિવસે રત્નપુર ગયો. બિચારી રૂપાને તો એક એક ઘડી યુગ જેવડી થઇ પડી હતી. પણ છૂટા પડતી વખતે અજયે વચન આપ્યું હતું, તેથી તેને આશા હતી કે તે ચોક્કસ આવશેજ.

અજય રૂપાને અને તેના માબાપને મળ્યો. પંદર દિવસ પછી લગ્ન કરવાનું નક્કી થયું. અજય લગ્નની તૈયારીઓ કરવા વિલાસપુર આવ્યો, જેસંગ અને રૂપાળી તો હવે રાજના માનીતા મ્હેમાન બનેલાં હતાં. અજયે તેમને લગ્ન સુધી રોકાવા આગ્રહ કર્યો. અને તેઓ રોકાયા.

જાનમાં રૂપાળી અને જેસંગ પણ ગયા. ત્યાં પણ રજવાડી મ્હેમાન તરીકે તેમની સગવડ થઇ. ખૂબ ધામધુમથી તેમનાં લગ્ન થયાં એક દિવસ ઉષાની માએ રૂપાળીને જોઇ. તે તરતજ તેને અજબ આનંદથી ભેટી પડી. રાજા (પોતાના પતિને) બોલાવવા માણસ મોકલ્યો. રાજા આવ્યો. રાણીએ તેને કહ્યું કે " આ આપણી મોટી પુત્રી છે. " રાજાએ તેને બરાબર જોઇ. રાજાએ રાણીને પૂછયું, " તારી ખાત્રી છે ? "

"હા. હા. મારી પુત્રીને ન ઓળખું ? મારા જેવુંજ મોઢું છે. અને એક નિશાની રૂપાળીને પૂછી જોઉં. "

રાણી રૂપાળીને જરા દૂર લઇ જઇ અને પુછયું "તારા જમણા સાથળના મુળ પાસે એક નાનું ધાબું, અને ડાબા સાથળના મુળ પાસે ત્રણ તલ છે ? " રૂપાળીએ જવાબમાં હા પાડી.

હવે ખાત્રી થઇ ગઇ. રૂપાળીએ ખાનગી ઓરડામાં જઇને રાણીને તે નિશાનીઓ બતાવી.

પણ આમ કેમ બન્યું ? રાણીએ બધી વાત અજય અને જેસંગને કરી. ઉષાના જન્મને દસ વરસ પ્હેલા રૂપાળીનો જન્મ થયો. રાજારાણીને પુત્રની વાંચ્છના હતી. રાજાને ત્યારે એક અસાધ્ય રોગ લાગુ પડેલો હતો. તે આજકાલમાં મરી જાય તેવી સ્થિતિ હતી. તેને કાંઇ પુત્ર ન હોવાથી આખા રાજનું સત્યાનાશ વળી જાય. તેથી રૂપાળીને તે જન્મતાંજ એક માછીમારને આપી દીધી. માછીમારે તે દિવસેજ પોતાને ત્યાં જન્મેલો પુત્ર આપ્યો. પણ પુત્રતો છ મહિનામાં મરી ગયો, અને તે દરમ્યાન માછી પરદેશ

ચાલ્યો ગયો અને તેનો પત્તો ન લાગ્યો. પછી તો સદ્ભાગ્યે રાજા સાવ સાજો થઇ ગયો. અને ઉષાનો જન્મ થયો રાજારાણીને લાગ્યું કે આપણે પુત્ર સાથે લેણાદેણી નથી. માટે હવે અદલાબદલી ન કર અને પ્રભુએ જે આપ્યું તેમાં સંતોષ માનવો.

ઉષા પોતાની મ્હોટી બ્હેન રૂપાળીને હર્ષથી ભે અજયે જેસંગની બધી વાત રાજારાણીને કહી. પોતાની અકસ્માત રીતે રાજબીજને પરણી છે એ જાણી આનંદ થં જેસંગ અને રૂપાળી હવે શ્યામદ્વિપ ગયાં.

જેસંગે બે વરસમાંજ રાજકારભારનો અનુભવ મેળ ગરીબીનો તેણે ખુબ અનુભવ લીધો હોવાથી, ગરીબ પ્રજા તરફ ખુબ પ્રેમ રાખવા લાગ્યા. જયમલ્લ પ્રભુભકિતમાં દિવસો ગ લાગ્યો

અજયને કારભારી અને જમનાના પ્રેમની ખબર પડી જરા ગુસ્સે ન થતાં બન્નેનાં લગ્ન કરી આપ્યાં.

અજય અને ઉષા દામ્પત્ય પ્રેમના સ્વર્ગસમ આ જીવનનૌકા ચલાવે છે. આજ તેને ત્યાં પુત્ર જન્મની ખુશ વાંચક સાકર લઇને વિદાય લેશે ?

સમાપ્ત